સુવિચાર
''કાંડે ઘડિયાળ બાંધી શકાય છે, સમય નહી.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૮/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
રાજગરા ફરાળી ચેવડો/ફુલવડી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૨૧૪

## ૧૧ ખલાસીઓ ૨ દિવસ પહેલા ગુમ થયા બાદ

# જાફરાબાદનાં દરિયામાંથી ૩ ખલાસીઓનાં મૃતદેહ મળી આવ્યા

**કોસ્ટગાર્ડ સહિતની ટીમ બાકીનાં ૮ ખલાસીઓની શોધખોળ કરી રહી છે**

**૧૫ ઓગષ્ટે હોંશે હોંશે માચ્છીમારીની પુનઃ શરૂઆત કરનાર સાગરખેડૂઓ ચિંતિત**

**દરિયાકાંઠાથી ૩૦ નોટિકલ માઈલ દૂરથી ૩ મૃતદેહ મળી આવતાં ભારે શોક**

**જો કે મુખ્યમંત્રીની સુચનાથી જિલ્લા કલેકટરનાં માર્ગદર્શનતળે સમગ્ર તંત્ર ખલાસીઓને દિવસ-રાત શોધી રહ્યું છે**





અમરેલી, તા. ૨૨

જાફરાબાદમાં પ્રથમ માચ્છીમારીસીઝનચાલું થતા અને ૧૫ ઓગષ્ટના બીજા દિવસે દરિયા દેવનો ખોળો ખુંદવા નિકળેલા સાગરખેડૂની પ્રથમનવીસિઝનમાંદુઃખદઘટનાઘટતા સાગરખેડૂઓમા શોકનું મોજું ફરી વળ્યું છે. મધદરિયે બનેલી ગોઝારી ઘટનામાં ત્રણ બોટે જળસમાધિ લીધી હતી. ત્રણ બોટમાં સવાર ૨૮ ખલાસીઓ પૈકી ૧૭ સાગરખેડૂને અન્ય બોટ દ્વારા રેસ્કયુ હાથ ધરી બચાવી લેવામાં આવ્યા હતા પરંતુ ૧૧ ખલાસીઓ લાપતા થયેલ. તેમાં જય શ્રી તાત્કાલિક બોટ રજી. નં. IND-GJ-14 mm-415 ના ગુમ થયેલ ખલાસીઓ (૧) દિનેશભાઈ બાબુભાઈ બારૈયા, (૨) મનસુખભાઈ ભાણાભાઈ શિયાળ, (૩) વિનોદભાઈ દિશાભાઈ બારૈયા, (૪) હરેશભાઈ બીજલભાઈ બારૈયા તેમજ દમયંતી રજી. નં. IND-GJ-14 mm-01 તેમાંથી લાપતા થયેલા ખલાસીઓમાંથી પૈકી (૧) વિપુલભાઈ વાલાભાઈ ચૌહાણ, (૨)

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

# વિદેશી કપાસની આયાત ડયુટીમાં ઘટાડો કરવાનો નિર્ણય ખેડૂતો માટે વ્યાપક નુકસાની ઉભી કરશે

**ખેડૂતોની આવક બમણી થવાને બદલે જે છે તેમાં થશે ઘટાડો**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ પ્રતાપ દુધાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાતનાં પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રી રહીને ગુજરાતનું ગૌરવ વધારી રહ્યા છો.

ગુજરાત ખેતી પ્રધાન રાજય હોય, અને ખેડૂતો તેમજ સમગ્ર લોકો ખેતી પર નિર્વાહ ચલાવી રહેલ છે. ખેડૂતોને બમણી આવકનો વાયદો પણ અપાવવામાં આવેલ હતો. ત્યારે ' 'મોસાળેમાં પીરસનાર'' હોય તેમ છતાં ગુજરાતનો ખેડૂત પાયમાલ બની રહ્યો છે. ગુજરાતમાં લાખો હેકટરમાં કપાસનું વાવેતર થયેલ છે. ત્યારે ભારત સરકારે જે વિદેશી કપાસની આયાત ડયુટીમાં ઘટાડો કરવા અંગેનો નિર્ણય લીધો છે, તે ખેડૂત વર્ગના હિતને અનુકૂળ નથી અને ખેડૂતોની આર્થિક સ્થિતિ પર નકારાત્મક અસર પાડે છે. દેશની રીડ સમાન ખેડૂત સમાજ આજે અનેક સમસ્યાઓથી ઘેરાયો છે. મોંઘા ખાતર, બીજ, દવા, સિંચાઈની તંગી, પાકને યોગ્ય ભાવ ન મળવો, તથા કુદરતી આફતો એવા સમયે ખેડૂતોના હિતોને સુરક્ષિત કરવા બદલે સરકારના આ પ્રકારના નિર્ણયથી ખેડૂતોને આર્થિક નુકસાની વેઠવાની આવશે. આ નિર્ણય ખેતીને નુકસાનકારક છે અને સીધી અસર ખેડૂતોના જીવન પર થાય છે.



સરકારે આ નિર્ણય પાછો ખેચવાની અને ખેડૂતોના હિતમાં નવા પગલાં ભરવાની માંગણી કરીએ છીએ. ખેડૂતોને ન્યૂનતમ આધાર ભાવ કાયદેસર ગેરંટી સાથે મળે, ખેતી ખર્ચમાં રાહત મળે, તેમજ વીમા, લોન, સિંચાઈ માટે ખાસ સહાયતા મળે તો પણ જરૂરી છે. અને ખેડૂત હિતમાં નિર્ણય લેવો એ સરકારની પ્રથમ ફરજ છે. ત્યારે ભારત સરકાર દ્વારા વિદેશી કપાસની ડયુટીમાં ઘટાડો કરવા અંગેનો નિર્ણય રદ કરવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## મેલડી માતાજીનાં મંદિર પાસેની ઘટના

# રાજુલાનાં વાવેરા ગામે ધાતરવડી-૧ની કેનાલ ઉપર માછલી કાઢવા બાબતે બઘડાટી

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૨

રાજુલાના વાવેરા ગામે મેલડી માતાજીના મંદિર સામે, ધાતરવડી-૧ ની કેનાલ ઉપર માછલી કાઢવા બાબતે બે જુથ વચ્ચે મારામારી થતાં બંને પક્ષોએ સામસામી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામે રહેતા અકબરશા ભીખુશા કનોજીયા નામના ૩૪ વર્ષિય યુવકે રાજુલાના વાવેરા ગામે મેલડી માતાજીના મંદિર સામે, ધાતરવડી-૧ ની કેનાલ ઉપર ઈજારાથી રાખેલ માચ્છીમારી કોન્ટ્રાકટવાળી માછલીઓ રાજુલા ગામે રહેતા આરોપીઓ ભુપતભાઈ ધીરૂભાઈ વાઘેલા, કીશોરભાઈ વાઘેલા, મહેશભાઈ વાઘેલા, રાહુલભાઈ પરમાર તથા હરેશભાઈ વાઘેલા નામના આરોપીઓ કાઢતા હોય તેથી માછલીઓ કાઢવાનુ યુવકે ના પાડતા તેનુ મનદુઃખ રાખી યુવક પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન ધાતરવડી ડેમ ૧ની કેનાલના પુલ ઉપર પ્રથમ આરોપીઓએ આવી યુવકનું મોટર સાયકલ રોકવી લાકડાના ધોકાઓ વડે આડેધડ માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી તથા યુવકને બંને હાથે

અનુસંધાન પાના ૬ ઉપર

# કૈલાસ મુકિતધામ ખાતે પિતૃ તર્પણની વ્યવસ્થા



ભાદરવી અમાસ નિમિતે પિતૃ તર્પણ કરવા માટે અમરેલી કૈલાસ મુકિતધામ કેરીયા રોડ ખાતે શીતલ આઈસ્કીમ પરિવાર તથા ડીજેબીએસ ફાઉન્ડેશન તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ એક સુંદર વ્યવસ્થા કરેલ છે. તો પિતૃ તર્પણ માટે વ્યવસ્થાનો લાભ લેવા અનુરોધ કરાયો.

## ગ્રામ્ય વિસ્તારમાં રાની પશુઓની સતત અવરજવર

# સાવરકુંડલાનાં મોટા ભમોદ્રા ગામમાં ૨ સિંહો ઘુસ્યા : ૮ પશુઓનો કર્યો શિકાર

**સીસીટીવીમાં કેદ દ્રશ્યો : ગ્રામજનોમાં ફફડાટ**



અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગામમાં વરસાદી વાતાવરણ વચ્ચે બે સિંહો ઘૂસતા ગ્રામજનોમાં ભારે ફફડાટ મચ્યો હતો. ગામની અંદર ઘૂસેલા આ સિંહોએ રાત્રિના સમયે અલગ-અલગ જગ્યાએ ઘુસી કુલ ૮ પશુઓનો શિકાર કર્યો હોવાની ઘટના સામે આવી છે.

માહિતી અનુસાર રાત્રિના સમયે ગામની શેરીઓમાં સિંહો ફરે છે તેવા દશ્યો ગામના સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ રીતે કેદ થયા છે. સિંહોને શિકાર કરતા તથા ગામની ગલીઓમાં ચક્કર લગાવતા જોઈને ગ્રામજનો ભયભીત થઈ ગયા હતા. પશુઓના શિકાર બાદ સિંહોએ લાંબા સમય સુધી ગામની આસપાસ મિજબાની માણી હોવાનું પણ જોવા મળ્યું.

સિંહોના આ હુમલાથી ગામના પશુપાલકોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડયું છે. રાત્રિ દરમિયાન ઘરમાં રહેલા ગ્રામજનોને બહાર નીકળવાની હિંમત ન રહી અને ઘણા લોકોએ આખી રાત જાગીને ગાળવી પડી હતી.

સાવરકુંડલા તાલુકાના ગ્રામિણ વિસ્તારોમાં વારંવાર સિંહો ઘૂસવાની ઘટનાઓ બનતી રહે છે. શિકારની શોધમાં જંગલમાંથી બહાર આવતાં આ સિંહો ગામના પશુઓ પર તૂટી પડે છે. જેના કારણે ગ્રામજનોમાં ડર અને ચિંતા વ્યાપી રહી છે.

આ ઘટનાની જાણ

અનુસંધાન પાના ૬ ઉપર

જગ્યા ભાડે આપવાની છે
અમરેલી શહેરના કોર્પોરેટ પોશ એરીયા, માણેકપરામાં મુખ્યમાર્ગ પર અંદાજે ૭૦૦ ફુટ, ગ્રાઉન્ડફ્લોર જગ્યા ભાડે આપવાની છે.
દલાલભાઈઓ આવકાર્ય
Mo.9426448278
Mo.9426421548

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૫૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૨/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
6354973131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રીના માર્ગદર્શન અંતર્ગત આઈટી ૨.૦નો પ્રારંભ

# અમરેલી ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજીનો પ્રારંભ

### ડિજિટલ ઇન્ડિયા તરફ ભારતીય પોસ્ટની સફરમાં એક સીમાચિહ્નરૂપ શરૂઆત

અમરેલી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિ અને કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જયોતિરાદિત્ય સિંધિયાના માર્ગદર્શન અંતર્ગત આઈટી ૨.૦ અમલી છે.

સમગ્ર દેશની પોસ્ટ ઓફિસમાં એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી (એપીટી)નો શરૂઆત કરવામાં આવી છે. અમરેલી પોસ્ટ ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસમાં તા.૨૨ જુલાઈ, ૨૦૨૫થી એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી (એપીટી) આધારિત સેવાઓનો શુભારંભ કરવામાં આવ્યો છે.

પોસ્ટ વિભાગમાં આઇ.ટી. મોર્ડનાઈઝેશન પ્રોજેક્ટ ૧.૦ની સફળ તાના આધારે લોન્ચ કરવામાં આવેલું નવું એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી પ્લેટફોર્મ માઈક્રો સર્વિસ આધારિત એપ્લિકેશન રજૂ કરે છે. જેના કારણે પોસ્ટ ઓફિસમાં ઝડપી, વધુ વિશ્વસનીય અને વપરાશકર્તા મૈત્રીપૂર્ણ નાગરિક કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરે છે. સેન્ટર ફોર એક્સલન્સ ઈન પોસ્ટલ ટેકનોલોજી (સીઈપીટી) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત આ એપ્લિકેશન કેન્દ્ર સરકારના ક્લાઉડ પ્લેટફોર્મ મેઘરાજ ૨.૦ પર હોસ્ટ કરવામાં આવી છે અને બી.એસ.એન.એલ.ની રાષ્ટ્રવ્યાપી ટેકનોલોજી દ્વારા સમર્થિત છે.

આ અંગે કેન્દ્રીય મંત્રી સિંધિયા કહે છે કે, એપીટી ઈન્ડિયા પોસ્ટને વિશ્વ કક્ષાના જાહેર લોજિસ્ટિક્સ સંગઠનમાં પરિવર્તિત કરશે જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આત્મનિર્ભર ડિજિટલ ભારતનો માર્ગ તૈયાર કરે છે.

એ.પી.ટી. સુક્ષ્મ સેવાઓ, ઓપન એ.પી.આઈ આધારિત આર્કિટેક્ચર, બુકિંગથી ડિલિવરી સુધીનું તમામ ડિજિટલ નિવારણ, કયુઆર કોડ ચૂકવણીઓ, ઓટીપી આધારિત ડિલિવરી, ડિલિવરીની ચોકસાઈ વધારવા માટે ૧૦ અંકોનાઆલ્ફા ન્યૂમેરિક પીનથી સુસજ્જ છે.

રાજયમાં તા. ૦૪ ઓગસ્ટ, ૨૦૨૫થી તમામ ૨૩ પોસ્ટ સર્કલમાં આ સેવાઓનો પ્રારંભ થયો છે. જેમાં ૧.૭૦ લાખથી વધુ ઓફિસ જેમાં પોસ્ટ ઓફિસ, મેઈલ ઓફિસ, વહીવટી એકમો એપીટી પર કાર્યરત છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત નવી ટેકનોલોજી અંગે ૪.૬ લાખથી વધુ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. આ સિસ્ટમ હેઠળ એક જ દિવસમાં ૩૨ લાખથી વધુ બૂકિંગ અને ૩૭ લાખ ડિલિવરી સફળતાપૂર્વક કરવામાં આવી છે, તેમ અમરેલી પોસ્ટ ડિવિઝન (ડાકઘર) અધિક્ષકએ એક યાદીમાં જણાવ્યુ છે.

### નેશનલ સ્પોર્ટ્સ ડે, શ્રી ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા અન્વયે

# અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

### ૨૯ જિલ્લા વચ્ચે શ્રી ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા : રૂ.૫ લાખ સુધીના ઇનામ





અમરેલી, તા. ૨૨

હોકી જાદુગર તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરનાર મેજર ધ્યાનચંદની જન્મ જયંતી નિમિત્તે વિશેષ ઉજવણી કરવામાં આવશે.

આગામી તા.૨૯ ઓગસ્ટના રોજ ભારતભરમાં નેશનલ સ્પોર્ટ્સ રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી થશે. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને સ્પોર્ટ્સ અવેરનેસ સેલિબ્રેશન (રમતગમતજાગૃત્તિ) અને શ્રી ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા ૨૦૨૫ અન્વયે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં વિવિધ સમાચાર માધ્યમોના પત્રકારઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે કહ્યુ કે, આગામી તા. ૨૯/૮/૨૦૨૫ થી તા.૩૧/૮/૨૦૨૫ દરમિયાન જિલ્લામાં તમામ શાળાઓ, કોલેજ સહિતની સંસ્થાઓમાં નેશનલ સ્પોર્ટ્સ ડેની ઉજવણી થશે. તા.૨૯ ઓગસ્ટે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અમરેલી સ્પોર્ટસ સંકુલ ખાતે યોજાશે. વિવિધ રમતોનું પ્રદર્શન થશે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટની પ્રતિજ્ઞા લેવામાં આવશે. ખેલ મહાકુંભ ૨૦૨૫ અન્વયે નોંધણી પ્રક્રિયા પણ આ દિવસથી શરૂ થશે.

સાઈકલ ઓન સન્ડે: તા.૩૦ ઓગસ્ટના રોજ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સ્પોર્ટસ કોમ્પ્લેકસથી ચિતલ રોડ, ઠેબી ડેમ, ખોડિયાર મંદિર, માચીયાળા બાયપાસથી પરત ચિતલ રોડ અમરેલી સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ સુધી સાયકલ રેલી યોજાશે. આ રેલીમાં, અધિકારી, કર્મચારીઓ, વિવિધ સંસ્થાઓ, ખેલાડીઓ, સામાજિક કાર્યકર્તાઓ, મહાનુભાવો સહિતના જોડાશે.

હર ગલી, હર મેદાન, ખેલે સારા હિન્દુસ્તાન, ખેલે ભી, ખીલે ભી સૂત્ર સાથે આ વર્ષનો રાષ્ટ્રીય રમત દિવસ એ ભારતની ઓલમ્પિક માટેની ભાવના, શ્રેષ્ઠતા, મિત્રતા અને આદર સહિતના મૂલ્યો અને તેના પ્રત્યેના આદરને વ્યકત કરવામાં આવશે.

રાજયના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા રાજયમાં સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત લોક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ''શ્રી ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા–૨૦૨૫''નું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે આ પ્રતિયોગિતા વિશે જણાવ્યુ કે, ગુજરાત રાજયના ૨૯ જિલ્લા મથક ખાતે ગણપતિ ઉત્સવ યોજાશે. વિવિધ સ્થળે બનાવવામાં આવતા ગણેશ પંડાલમાંથી બેસ્ટ ઓફ થ્રીને અનુક્રમે રૂ.૫ લાખ, રૂ.૩ લાખ અને રૂ.૧.૫૦ લાખના ઈનામો આપવામાં આવશે.

આઉપરાંત ૫ (પાંચ) પંડાલ કૃતિને પ્રોત્સાહન માટે પસંદ કરી તેમને રૂ.૧ લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. મહત્વનું છે કે, આ સ્પર્ધામાં 'ઓપરેશન સિંદૂર' અને વડાપ્રધાનના 'સ્વદેશી'ના આહ્વાન અંતર્ગત સ્વદેશી વસ્તુઓના ઉપયોગ એમ બેથીમને ધ્યાને લેવામાં આવશે.

ગણેશ શ્રેષ્ઠ પંડાલ પ્રતિયોગિતા ૨૦૨૫માં ભાગ લેવા માટેના ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, સી–બ્લોક, પ્રથમ માળ, રૂમ નં. ૧૧૦–૧૧૧ અમરેલી ખાતેથી મેળવી લેવા. પ્રતિયોગિતા માટે ફોર્મ dydoamreli.blogspot.com પરથી પણ મેળવી શકાશે. વધુ વિગતો માટે કચેરી સંપર્ક ફોન નં. ૦૨૭૯૨–૨૨૩૬૩૦૫૨ સંપર્ક કરવો.

આ ફોર્મ તા. ૨૮/૮/૨૫ના રોજ બપોરના ૧૨ વાગ્યા સુધીમાં પરત કરવા. સમય મર્યાદા બાદ મળ્યા હોય તેવા ફોર્મ માન્ય રહેશે નહિ.

પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા જિલ્લાના સૌ નાગરિકોને નેશનલ સ્પોર્ટસ ડેની ઉજવણીમાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દરમિયાનગીરી કરે

# ગુજરાતને નર્મદા યોજના પેટે પડોશી રાજયો પાસેથી રૂપિયા ૭૫૦૦ કરોડ લેણા છે

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ કરી માંગ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને પૂર્વ કેબીનેટ મંત્રી જયનારાયણ વ્યાસ દ્વારા ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા મુદ્દે સંયુકત પત્રકાર પરિષદને સંબોધવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના પ્રમુખ અમિત ચાવડાએ નર્મદા મુદ્દે પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે, નર્મદા યોજનાનો વિચાર, તેની પ્રાથમિક કામગીરીથી લઈને પુર્ણતા તરફ લઈ જવા માટેની તમામ જાતની કામગીરી કોંગ્રેસની સરકારોનો અને તત્કાલીક તમામ સરકારોનો ખુબ મોટુ યોગદાન રહેલું છે. આપણે સૌએ જોયુ કે છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતમાં જે રીતે નર્મદા યોજનાના નામે રાજનીતિ થઈ અને એનો રાજકીય જશ ખાટવા માટેની જે ઘેલછા છે એના માટેના જે પ્રયત્નો થયા એ બધુ જ અમે કર્યુ છે એવી ઘેલછા અને પ્રયત્નોના કારણે એનો મૂળભૂત હેતુ હતો કે છેવાડાના ખેતર સુધી પાણી પહોંચે એ મુળ હેતુ આજે પણ પૂર્ણ થયેલ દેખાતો નથી. આજે પણ અનેક શાખાઓના કામો બાકી છે. જે પણ કેનાલો બની છે એમાં મોટા પાયે ગાબડા પડે છે અને એના કારણે અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યાં છે કારણ કે નર્મદા યોજનામાં ગુજરાતને જે નવ મીલીયન એકર ફીટ પાણી આપવાનું હતું તેમાંથી આઠ મીલીયન એકર ફીટ પાણીનું સિંચાઈ માટેનો ઉપયોગ થવો જોઈતો હતો. તે આજે પણ થઈ શકતો નથી. પાણીનો ક્યાંક વેડફાટ થઈ રહ્યો છે, એનું બીજી જગ્યાએ ઉપયોગ પણ થઈ રહ્યો છે, એના કારણે એવી સ્થિતીનું નિર્માણ થયું છે કે, ભવિષ્યમાં કચ્છ, બનાસકાંઠા છેવાડાના વિસ્તારોના ખેતરો સુધી પાણી પહોંચાડવાનો ખુબ મોટો પ્રશ્ન ઉપસ્થિત થવાનો છે.

આજે ખાસ કરીને આ વિષય પર એટલા માટે આપ સેની સમક્ષ આવવુ પડયું કે, ગુજરાતની સરકાર અને દેશમાં બેઠેલા ગુજરાતના વડાપ્રધાન નર્મદા યોજના માટે દુર્લક્ષ્ય સેવી રહ્યાં છે. ગુજરાત સરકાર કુંભકર્ણની નિંદ્રામાં હોય એવુ લાગી રહ્યું છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પત્ર લખવામાં આવેલ છે અને પત્રના માધ્યમથી નર્મદા વોટર ડીસ્પ્યુટ ટ્રીબ્યુનલ (NWDT) દ્વારા ૧૨ ડીસેમ્બર ૧૯૭૯ના રોજ જે ઓર્ડર જાહેર કરવામાં આવ્યો, જે નિર્ણય થયો કે એ ઓર્ડર ૪૫ વર્ષ સુધી બંધનકર્તા રહેશે. એમા ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર રાજયોને જે હિસ્સો આપવાનો છે તેનાથી લઈ અને આ એવોર્ડ મુજબ જે પાણીનું વિતરણ થવાનું હતું અને



હિસ્સેદારી નક્કી થયેલ હતી તથા પુનઃ વસનથી લઈને અનેક બાબતોને લઈને આ ઓર્ડર એવોર્ડમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ૧૯૭૯માં જે ઓર્ડર થયો હતો તે ૪૫ વર્ષ માટે થયો હતો. તે ઓર્ડરના ૨૦૨૪માં ૪૫ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. આજે ઓગષ્ટ ૨૦૨૫ના દિન સુધી નવો કોઈ ઓર્ડર કરવામાં આવ્યો નથી કે તેની તજવીજ પણ કરવામાં આવી નથી. ના તો રાજય સરકારે કોઈ પ્રયત્ન કરેલા છે ના તો કેન્દ્ર સરકારે કોઈ પ્રયત્ન કર્યા છે. ત્યારે વડાપ્રધાનને પત્ર લખીને માંગણી કરી છે કે ગુજરાતમાંથી વડાપ્રધાન હોય, તેવો ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નર્મદા યોજનાના અનેક રાજકીય એજન્ડા સાથેના કાર્યક્રમોમાં ભાગ લીધેલ હોય, આગેવાની કરેલ હોય ત્યારે તેમની ફરજ બને છે કે ગુજરાતના હિતમાં અને ગુજરાતીઓના હિતમાં તાત્કાલીક વડાપ્રધાન ફાયનલ આર્બીટેટર તરીકે નવો એવોર્ડ જાહેર કરવા માટે જે પણ કાર્યવાહી કરવાની થાય તે અને નર્મદા કન્ટ્રોલ ઓર્થોરીટી અને જળસંસાધન મંત્રાલયના માધ્યમથી જે સુચનાઓ કે કાર્યવાહી કરવાની થાય તે તાત્કાલીક કરાવે તેવી માંગણી કરેલ છે. આ એટલા માટે જરૂરી છે, નર્મદા યોજનાની શરૂઆતથી અનેક અડચણો આવી, અનેક વાંધા–વિરોધોનો સામનો કરવો પડ્યો. પણ આ ગુજરાતના ગુજરાતીઓનું જે ખમીર હતું અને બધા જ પક્ષા–પક્ષીથી પર થઈને એક થઈને લડ્યા એના કારણે અનેક અડચણો વચ્ચે પણ નર્મદા યોજના આગળ વધી છે. કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર હતી ત્યારે ગેરંટી આપવાની વાત આવી ત્યારે તત્કાલીન વડાપ્રધાન આદરણીય મનમોહનસીંહજીએ પોતે ખુદ એમા ગેરંટી આપીને યોજનાને આગળ વધારવા માટે ખુબ મોટુ યોગદાન આપ્યું છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ પાસે ગુજરાતી તરીકે આપણે સૌ અપેક્ષા રાખીએ કે, ૪૫ વર્ષનો એવોર્ડનો જે સમયગાળો છે તે પૂર્ણ થઈ ગયો છે, તેઓ દ્વારા નવો એવોર્ડ જાહેર કરવા માટે તાત્કાલીક તજવીજ કરવામાં આવે અને કાર્યવાહી કરીને બીજા ૪૫ વર્ષ માટેનો એવોર્ડ જાહેર કરવામાં આવે તો આવનારા વર્ષોમાં કોઈ કોર્ટ કેસ ના થાય, કોઈ અડચણો ના આવે, કોઈ વાંધા–વિરોધની પ્રક્રિયાના કારણે હજુ પણ જે છેવાડાના ખેતર સુધી પહોંચાડવાનું બાકી છે તે પહોંચાડવાનું સ્વપ્ન પુર્ણ થાય.

ભલે ગુજરાતની સરકારી ઉંઘતી હોય પણ એક જવાબદાર વિપક્ષ તરીકે લોકોની વચ્ચે અમે કામ કરીએ છીએ. ત્યારે પ્રધાનમંત્રીને વિનંતી કરીએ કે, તાત્કાલીક ફાઈનલ આર્બીટેટર તરીકે બીજા ૪૫ વર્ષ માટે એવોર્ડ જાહેર કરવામાં આવે સાથે સાથે આ યોજનાને પૂર્ણ કરવા માટે હજુ પણ ઘણા કામ બાકી છે. હજુ પણ પાણી ખેતરો સુધી પહોંચ્યા નથી. એવા સંજોગોમાં આપણા બાજુના પડોશી રાજયો છે, તેમને પણ એવોર્ડની શરતો મુજબ એમનો હિસ્સો આપવાનો છે. તે મુજબ તાજેતરમાં વિધાનસભામાં પણ અમોએ આ પ્રશ્ન ઉઠાવ્યો હતો તે મુજબ આપણા પડોશી રાજયો, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર પાસે આ યોજના પેટે ગુજરાતે લગભગ ૭૫૦૦ કરોડથી વધારે રકમ લેવાની થાય છે. જયારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે વારંવાર આક્ષેપ હતા કે કેન્દ્રની સરકાર શા માટે ગુજરાતના બાકી લ્હેણા માટે કોઈ પગલા લેતી નથી. કેમ બાજુના રાજયો પાસે કડક ઉઘરાણી કરવામાં આવતી નથી? ત્યારે આજે રાજયમાં પણ ભાજપની સરકાર છે, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ ભાજપની સરકાર છે અને કેન્દ્રમાં પણ ભાજપની આગેવાનીમાં સરકાર છે. ત્યારે વડાપ્રધાનને બીજો પત્ર પણ લખ્યો છે કે તેઓ તાત્કાલીક હસ્તક્ષેપ કરીને ગુજરાતના હિત માટે અને નર્મદા યોજના માટે તાત્કાલીક વડાપ્રધાન હસ્તક્ષેપ કરે અને ત્રણે પડોશી રાજયો પાસેથી ગુજરાતનું ૭૫૦૦ કરોડનું લ્હેણું જલ્દીથી ચુકવાય તેના માટે કાર્યવાહી કરવામાં આવે.

આ યોજના વિશે સનત મહેતા, બાબુભાઈ જશભાઈ, ચીમનભાઈ પટેલ, જેવા સિનિયર પ્રજાજીવનના આગેવાનોની માફક જેઓ નર્મદા યોજના અંગે ઊંડું અને તલસ્પર્શી જ્ઞાન ધરાવે છે તેમજ સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ અને સુરેશ મહેતા તેમજ કેશુભાઈ પટેલ મંત્રી મંડળ માં નર્મદા વિભાગના કેબિનેટ મંત્રી રહી ચુકેલા છે તેવા જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, નર્મદા યોજનાના પાયાથી લઈને ૯૩ ટકા કાર્ય કોંગ્રેસની સરકારો દ્વારા પૂર્ણ કરી દેવામાં આવેલ હતું. નર્મદા યોજનાને લાગેવળગે છે ત્યાં સુધી સરદાર અને ભાઈકાકાની કલ્પના તેમજ પ્રતિબદ્ધતાથી શરૂ કરેલી આ યોજના છેલ્લે ૨૦૦૦ની સાલ સુધી સમગ્ર ગુજરાતની હતી. સુપ્રિમ કોર્ટ હોય, મેઘા પાટકર હોય કે અન્ય પર્યાવરણવાદીઓ સમગ્ર ગુજરાત આ લડત સામે એકજૂથ થઈને ઊભું રહ્યું હતું. આ કારણથી નર્મદાને 'ગુજરાતની જીવાદોરી'નું લાડકું નામ મળ્યું. એકેએક ગુજરાતીના મનમાં પછી તે ભલે ગમે તે રાજકીય પક્ષ સાથે જોડાયેલો હોય, આ યોજના સમસ્ત ગુજરાતની યોજના હતી પણ ૧૮ ઓક્ટોબર, ૨૦૦૦ના રોજ જયારે સુપ્રીમ કોર્ટનો આ યોજના આડેની આડખીલીઓ હટાવતો ચુકાદો આવ્યો ત્યારે ભારતીય જનતા પક્ષે વિરોધ પક્ષ કે અન્ય સ્વૈચ્છિક/ધાર્મિક સંગઠનો જે બધાની સંયુકત પ્રતિબદ્ધતા અને લડતને કારણે આ સિદ્ધિ મેળવી છે તેને બાજુએ મૂકીને 'નર્મદાનાં પાણી, કેશુભાઈ લાવ્યા તાણી' જેવા સૂત્ર સાથે એ જ દિવસે બપોરે વિધાનસભા સામેના પ્રાંગણમાં એની ઊજવણી શરૂ કરી.

આટલું જ નહીં, પણ આ લાંબી લડત માટે જેમણે ભોગ આપ્યો હતો તેમાંથી કોઈને પણ આ ઉજવણી માટે નિમંત્ર્યા વગર એમનો ઉલ્લેખ કરવાનું પણ ટાળીને ભારતીય જનતા પક્ષે આ જશ પોતાના ખાતામાં નાખવાની સંકુચિત રાજનીતિ અપનાવી એ દિવસથી નર્મદા યોજનાને સંકુચિત પક્ષ આધારિત રાજનીતિનો એરૂ આભડી ગયો.

ત્યાર પછીના કાળખંડમાં એથી પણ આગળ વધીને ભારતીય જનતા પક્ષની સરકારોએ આ યોજનાનો અણઘડ રીતે અમલ કર્યો, જેને પરિણામે મુખ્ય મુદ્દે આ યોજનાનો ધાર્યા મુજબનો લાભ લેવામાં ગુજરાત નિષ્ફળ ગયું છે.

ગુજરાતને નર્મદાનું નવમિલિયન એકર ફીટ પાણી મળ્યું તે પાણીનો મહત્તમ ઉપયોગ કરવા માટે આયોજન થયું હતું તે મુજબ સિંચાઈ માટે ઉપલબ્ધ ૮ મિલિયન એકર ફીટ પાણીનો મહત્તમ ઉપયોગ થયો નથી અને એને બદલે કેટલીક સિંચાઈ સિવાયની યોજનાઓ માટે પાણીનો વેડફાટ કરીને ભવિષ્યમાં કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ટેઈલ એન્ડ એટલે કે છેવાડાના વિસ્તારો સુધી પાણી ન પહોંચે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. પોઈન્ટ ઉપર પાણીની આવક અને જાવક બંને બેલેન્સશીટની માફક મેઈન્ટેન કરવાની હતી. જે બાબતે કોઈ જ માહિતી ઉપલબ્ધ નથી.

નર્મદા યોજનામાં ગુજરાતના ભાગ પેટે બાકી નીકળતા અને મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ રાજસ્થાન પાસેથી મેળવવાના થતા કરોડો રૂપિયાની બાકી રકમ આ ત્રણેય રાજયોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો હોવા છતાં ગુજરાતને ચૂકવાતી નથી. આ સંદર્ભે પ્રધાનમંત્રીની કક્ષાએ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાન એમ ચારેય રાજયના મુખ્યમંત્રીઓની મીટિંગ રાખીને પ્રધાનમંત્રીએ આ નાણાં ગુજરાતને સત્વરે ચુકવાય તે માટે ભાજપ શાસિત ત્રણેય રાજયો એટલે કે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનને સૂચના આપવી જોઈએ.

નર્મદા એવોર્ડ ભારત સરકારાના ગેઝેટમાં ૧૨, ડિસેમ્બર, ૧૯૭૯ના દિવસે પ્રસિદ્ધ થયો હતો. એને ૨૦૨૫માં ૪૫ વર્ષ પૂરા થશે. ત્યાર બાદ કોઈ પણ રાજય અથવા સ્વૈચ્છિક સંસ્થા નર્મદા યોજના સામે લીટીગેશન ઊભું ન કરે તે માટે આ યોજનાના અમલીકરણમાં શરૂઆતના આંદોલનો તેમજ સુપ્રીમ કોર્ટમાં લાંબા સમય સુધી કેસ ચાલતા જે વિલંબ થયો છે તે કારણ દર્શાવીને આ એવોર્ડ જેમનો લંબાવવાના હુકમો ભારત સરકાર કરે, જેથી ગુજરાતની નર્મદા યોજનાનું હિત વળી પાછું કોઈ પણ કાનૂની પ્રક્રિયાને કારણે જોખમાય નહીં તે માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખએ પ્રધાનમંત્રીને પત્ર લખી દરમિયાનગીરી કરવા વિનંતી કરી છે. નર્મદા એવોર્ડનું આ રીતે કાયદાકીય સ્વરૂપ તેની કલમ ૧૬ મુજબ જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે, જેથી આવનાર વર્ષો દરમિયાન એનો રીવ્યૂ કરવા માટેની કોઈ માગણીઓ ઊભી થાય નહીં. આ બધાં જ સૂચનોને આવરી લેતા બે પત્ર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા દ્વારા આજરોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને લખવામાં આવેલ છે અને તેની નકલ ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી, માનનીય સિંચાઈ મંત્રી, માનનીય નર્મદા મંત્રી તેમજ સંબંધિત અધિક મુખ્ય સચિવને પણ મોકલી આપવામાં આવેલ છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર વાર્તામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી અને મીડીયા કોર્ડીનેટર અને પ્રવકતા હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# ખાંભાનાં સમઢીયાળાની ચાર બહેનોની આત્મનિર્ભરતાની અનોખી સફર : મહિને ૧૫ થી ૨૦ હજાર સુધીની કરે છે કમાણી



અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાના એવા ગામ સમઢીયાળામાં રહેતી ચાર બહેનો સામાન્ય અદમ્ય આત્મ વિશ્વાસ ધરાવતી મહિલાઓએ રોજિંદા જીવનની દીકરી, પત્ની અને વહુ તરીકેની ફરજોની સાથે વેપાર જગતમાં પણ પોતાનું સ્થાન બનાવ્યું છે. દિવસના ઘરકામ અને સાંજે ખેતી કામથી થાકી જવા છતાં રોજ રાતે પાણી પુરી માટેની કરકશ પુરી બનાવીને હવે એ મહિલાઓ દર મહિને ૧૫ થી ૨૦ હજાર રૂપિયા સુધીની કમાણી કરી રહી છે. આ મહિલાઓનું નામ છે. વર્ષાબેન ઈશ્વરભાઈ રૂપારેલિયા અને તેમની સાથે જોડાયેલી અન્ય ત્રણ બહેનો છે. વર્ષાબેન ૧૦ ધોરણ સુધી ભણેલી છે. અને આખો દિવસ ઘરકામ તેમજ ખેતમજુરી કરી અને બાદમાં રાત્રે પોતાની સાથી બહેનો સાથે પાણી પુરીની પુરી બનાવે છે. જે પુરીઓ માત્ર ગામમાં નહીં પરંતુ આજુબાજુના ગામડાની બજારો અને હવે તો શહરે સુધી પહોંચતી થઈ છે. સમઢીયાળા ગામમાં પહેલાથી પાણીપુરી સરળતાથી મળતી ન હતી. પણ ગામમાં પાણી પુરીની પુરીની ભારે માંગ હતી. વર્ષાબેનનાં કહેવા મુજબ, "ગામના લોકો વારંવાર પૂછતા કે કયાંથી સારી પુરી મળે?" તો અમને વિચાર આવ્યો કે શા માટે આપણે જ ન બનાવીએ ? આ વિચારને સાકાર કરવા માટે "તરૂણાબેન દેવાણી" નામના મહિલા ટ્રેનરે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. અમરેલી જિલ્લાના મહિલા તાલીમકાર તરીકે કામગીરી બજાવતા તરૂણાબેન દેવાણીએ આ મહિલાઓને માત્ર ૧૦ દિવસની અંદર જ વ્યાવસાયિક તાલીમ આપી જેમાં ખમણેલા લોટ, જથ્થાબંધ ઉત્પાદન અને હાઈજીનિક પૈકિંગ વિશેની ટેકનિક શીખવવામાં આવી હતી. આ તાલીમ પછી આ મહિલાઓનો આત્મવિશ્વાસ વધ્યો અને તેમણે આ વ્યવસાય શરૂ કર્યો. મહિલાઓની આ પ્રયત્નશીલતા જોઈને WWB-Frinds of Women's World Banking નામની સંસ્થાએ તેમને ટેકનિકલ સહાય પૂરી પાડી હતી. અને પાણીપુરીનો લોટ બાંધવા, મશીન દ્વારા પુરી બનાવવી, પાણીપુરીની પુરી ફુલાવવી, પૈકિંગ વગેરે માટે જરૂરી સાધનો આપવામાં આવ્યા હતા. આ સાધનો મળતા, હવે કામ ઝડપથી અને ખુબ જ વધુ પ્રમાણમાં થાય છે. શરૂઆતમાં દિવસના માત્ર ૧૦૦ પેકેટ તૈયાર થતો. આજે તે સંખ્યા વધી રહી છે. અમદાવાદ, સુરત, રાજકોટ જેવા શહેરોમાં પણ તેમની પુરીની માંગ ઉભી થવા પામેલ છે. પ્રારંભે ગામમાં પેકેટ રૂપિયા ૧૦૦માં વેચાતા, હવે થોડો ભાવ વધાર્યો છે. પણ ગુણવત્તા યથાવંત છે. વ્યવસાયનો વિસ્તાર : આ ચારેય બહેનો ભાગીદારીમાં વ્યવસાય ચલાવે છે. પૈકિંગ, ગુણવતા, ચકાસણી અને યોગ્ય સંકલનથી કામગીરી થતી રહે છે. સમય સાથે મશીનોની સંખ્યા વધારવાનું આયોજન છે. જેથી વધુ પાણીપુરીનો પુરીનો સ્ટોક તૈયાર કરી શકાય. તેઓ હવે અન્ય નગરોમાં પણ ડિસ્ટ્રિકબ્યુટર દ્વારા પેકેટ મોકલવાની તૈયારીમાં છે. વર્ષાબેન કહે છે. "અમે માત્ર ચાર મહિના પહેલા આ કામ શરૂ કર્યુ હતું. પણ આજે અમને લોકો ઓળખવા લાગ્યા છે. આપણું નામ, આપણું પ્રોડકટ વિશ્વાસપાત્ર બન્યું છે." સમાજમાં બદલાવનો સંકેત : આ બહેનોના પ્રયત્નો માત્ર તેમના જીવન માટે નહી, પણ સમગ્ર મહિલા સમાજ માટે પ્રેરણારૂપ બની રહયા છે. છેલ્લા બે મહિનામાં અનેક ગામોની મહિલાઓ સમઢીયાળા ગામની આ બહેનોનો સંપર્ક કરી રહી છે. તાલીમ લેવા માંગે છે. પોતાનાં ગામમાં આવું કંઈક શરૂ કરવા ઈચ્છે છે. તરૂણાબેન કહે છે, "આ બહેનોના આત્મવિશ્વાસ અને લગનને મેં ખુબ નજીકથી જોયો છે. આજનાં સમયમાં તેઓ માત્ર રાત્રે પુરી નથી બનાવતી, પણ અનેક મહિલાઓ માટે આશાનું દીપક બની રહી છે. ભવિષ્યની યોજનાઓ : હવે આ બહેનો મોટા પ્રમાણમાં વ્યવસાયનાં વિસ્તરણ માટે વિચારી રહી છે. આગામી સમયમાં નવી મશીનો લાવવા અને વધુ કામદારો આ કામમાં જોડવા, ઓનલાઈન ઓર્ડર અને હોમ ડિલિવરી શરૂ કરવી. સ્થાનિક અને રાજય સ્તરના બજારમાં સ્થાન મેળવવું એવી યોજનાઓ ધરાવે છે. નિષ્કર્ષ: સમઢીયાળાની આ ચાર બહેનોની આ સફળતા માત્ર એક વ્યવસાયની સફળતા નથી. એ એનું ઉતમ ઉદાહરણ છે. જો ઈચ્છા હોય, દ્રઢ નિશ્ચય હોય, અને થોડી ટેકનિકલ સહાય મળે તો ઘરકામની વચ્ચે પણ મહિલાઓ ઉદ્યોગ સાહસિક બની શકે છે. આજની મહિલાઓ માત્ર રસોઈ અને ઘરના કામ સુી સીમિત નથી રહી. તે સ્વબળ અને સ્વાભિમાન સાથે નાની નાની તકોને પકડીને પોતાનું ભવિષ્ય ઘડી રહી છે. આ વર્ષાબેન અને તેમની સાથી બહેનોનું આ સાહસ એ કહે છે કે, સમય મર્યાદિત છે. પણ સપન્નાની કોઈ મર્યાદા નથી!"

# અમરેલી જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમ યોજાયો






અમરેલી શહેરમાં જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજખાતે ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ટ્રાફિક પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થીઓને માર્ગ સલામતીના નિયમો વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું. અધિકારીઓએ જણાવ્યું કે આજના સમયમાં વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. પરંતુ ટ્રાફિકના નિયમોનું પાલન ન થવાને કારણે માર્ગ અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે. ખાસ કરીને યુવાવર્ગ મોટર સાઈકલ કે સ્કૂટર ચલાવતી વખતે હેલ્મેટ ન પહેરવો, ઓવરસ્પીડિંગ કરવું અને મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો એ મુખ્ય કારણો બને છે. વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું, સીટ બેલ્ટ તથા હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ કરવો, પીધેલી હાલતમાં વાહન ન હંકાવવું અને ઓવરસ્પીડથી દૂર રહેવું એ જીવન બચાવવાના મૂળ ભૂત નિયમો છે. અધિકારીઓએ વધુમાં ઉમેર્યુ કે એક ક્ષણની બેદરકારી માત્ર પોતાના નહીં પરંતુ અન્ય કોઈના જીવનને પણ જોખમમાં મૂકી શકે છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નો પૂછયા અને અધિકારીઓએ તેનું સરળ ભાષામાં સમાધાન આપ્યું. ટ્રાફિક શાખાએ વિદ્યાર્થીઓને માર્ગ અકસ્માતોમાં થતાં નુકસાન અંગે જાગૃત કર્યા અને સલામત ડ્રાઈવિંગ માટે પ્રતિજ્ઞા લેવડાવી. આ અવસર પર કોલેજના પ્રોફેસરએ પણ વિદ્યાર્થીઓને માર્ગ સલામતીનું મહત્વ સમજાવીને હંમેશાં નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો. જિલ્લા ટ્રાફિક શાખા દ્વારા જણાવાયું કે આવનારા સમયમાં આવા જાગૃતિ કાર્યક્રમો અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ યોજાશે. જેથી યુવાનોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જવાબદારીની ભાવના વિકસે અને અકસ્માતોમાં ઘટાડો થાય.

### જનસંપર્ક કરી સમસ્યા જાણવાનો કર્યો પ્રયાસ

## લાઠીનાં ધારાસભ્ય જનક તળાવિયા વરસાદની આગાહીનાં પગલે મત વિસ્તારમાં

### જરૂરી માર્ગદર્શન આપી સહાયની ખાત્રી આપી



અમરેલી, તા. ૨૨

લાઠી બાબરા દામનગરના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ભારે વરસાદની આગાહીથી પોતાના મત વિસ્તારના લોકોની મુલાકાત લઈ જન સંપર્ક કાર્યાલય ખાતે સામાન્ય માણસોને મુશ્કેલી ન પડે તે બાબતે આયોજન કરવામાં આવ્યું.

આ મુલાકાત દરમિયાન, તેમણે ગ્રામજનોના હાલચાલ પૂછીને તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત, તેમણે લોકો સાથે બેઠકનું આયોજન કરી સંભવિત પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાયની ખાતરી આપી હતી. ધારાસભ્યએ લોકોને સુરક્ષિત રહેવા અને સરકારી તંત્ર દ્વારા જારી કરાયેલ સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી હતી.

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં જન્માષ્ટમીનો કાર્યક્રમ ઉજવાયો



અમરેલી, તા. ૨૨

કૃષ્ણ જન્મ જે સમગ્ર ભારતમાં અંત્યત ભાવ -ભકિત અને પરંપરાથી ઉજવાય છે. જેનો ઉત્સાહ પ્રત્યેક જનમાનસમાં જોવા મળે છે . વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈઓ - બહેનોએ સાથે મળીને કૃષ્ણ જન્મોત્સવ ઉજવ્યો હતો. બાળકૃષ્ણને કરંડીયામાં બેસાડીને વાસુદેવ યમુના પાર કરાવે છે. જે દ્રશ્ય વેશભૂષા સાથે નાચતા-કુદતા જીવંત કર્યુ હતું. તેમજ મટકીફોડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાનુડાની વેશભૂષામાં બાળક દ્વારા મટકીફોડની ઉજવણી થઈ હતી. વિદ્યાર્થીઓએ રાસ -ગરબા લઈને કૃષ્ણ જન્મોત્સવને માણયો હતો. સુંદર આયોજન બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન દ્વારા ખૂબ ખૂબ શુભકામના પાઠવી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. સુંદર આયોજન બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંચાલક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન દ્વારા ખૂબ ખૂબ શુભકામના પાઠવી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

### ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં

## સાવરકુંડલા ખાતે ધરતીપુત્રોને પુરતુ બિયારણ, યુરિયા તથા પાકને યોગ્ય ભાવ મળવા સંવાદ

### સહકારી આગેવાનો અને ખાતરનાં વિક્રેતાઓ જોડાયા



અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકામાં કૃષિ સીઝન શરૂ થવાની સાથોસાથ ખેડૂતો માટે જરૂરી ખાતર, બિયારણ અને પાકને યોગ્ય ભાવ મળવા અંગે અનેક પડકારો ઉભા થયા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને તાલુકાના સહકારી આગેવાનો તથા ખાતરના વિક્રેતાઓ સાથે ધારાસભ્યની આગેવાની હેઠળ વિશેષ બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન ધારાસભ્યએ સ્પષ્ટપણે જણાવ્યું કે ધરતીપુત્રોને તેમના પાકની યોગ્ય કિંમત મળવી એ સરકાર અને સમાજ બંનેની સંયુકત જવાબદારી છે. ખેડૂતને સમયસર અને પૂરતા પ્રમાણમાં યુરિયા, ડી.એ.પી., એન.પી.કે. તથા ગુણવત્તાયુકત બિયારણ ઉપલબ્ધ થાય તે માટે સહકારી સંસ્થાઓ તથા ખાનગી વિક્રેતાઓને સુચના આપવામાં આવી. કોઈપણ પ્રકારની કટોકટી, કૃત્રિમ અછત કે વધુ ભાવ વસૂલવામાં આવે તો તેની કડક કાર્યવાહી થશે એવો ચેતાવણીભર્યો સંદેશો પણ આપવામાં આવ્યો.

સહકારી આગેવાનો અને વિક્રેતાઓએ વિાસ આપ્યો કે તેઓ ખેડૂતોને નિર્ધારિત દરે પૂરતું ખાતર-બિયારણ પૂરું પાડશે. બેઠકમાં ખેડૂતોની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે અદ્યતન કૃષિ પદ્ધતિઓ અપનાવવાની તથા સરકારની સહાય યોજનાઓની માહિતી ગ્રામ્ય સ્તરે પહોંચાડવાની જરૂરિયાત પણ ચર્ચાઈ.

ધારાસભ્યએ અંતમાં સ્પષ્ટ કર્યું કે ખેડૂતોની મહેનતને યોગ્ય મૂલ્ય મળવું જોઈએ, કારણ કે ધરતીપુત્ર જ અન્નદાતા છે. પાકના ઉત્પાદન બાદ તેને બજારમાં પૂરતા ભાવ મળે તે માટે માર્કેટયાર્ડ અને મંડીઓ સાથે સંકલન કરીને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવશે.

સંવાદથી ખેડૂતોમાં વિાસ અને સહકારની ભાવના મજબૂત બનતા, આવનાર ખેતી સીઝનમાં લાભકારક પરિસ્થિતિ સર્જાશે તેવી આશા વ્યકત થઈ હતી.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦























# ''જેમની પાસેથી જીવન જીવવાની દિશા સાંપડે તે શિક્ષક''

## પગદંડી/લેખન




– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

''શિક્ષક'' શબ્દનો અર્થ તો ગહન છે. વેળુમાંથી સૌ નાની કણી શોધવા જેવું કપરૂ કામ. પણ અનુભવ્યા, વાંચ્યા, સાંભળ્યા અને આજીવન એક અદના શિક્ષક તરીકે કરેલ કામના આધારે કહી શકું. ''શિ'' – એટલે શિસ્તા, ''ક્ષ'' – ક્ષમાની મૂર્તિ, ''ક'' – કેળવણી (હાથ, હૈયુ ને મસ્તક) આપે તે સાચો શિક્ષક હું એમાંથી કેટલો પાર ઉતર્યો છું એ તો સમય કહેશે. પણ આજે ૮૦ વર્ષે આ લખવાનો ધખારો રોકી શકતો નથી.

આ સંદર્ભે ઘણાં ઉતમ, શ્રેષ્ઠ શિક્ષકોને માણ્યાં છે, નાણ્યા છે, પરખ્યા છે. ઉતમ શિક્ષકોને તેમના કામને દુનિયાની નજરે મુકવાનું ઉતમ સેવાકાર્ય ઘણાં લેખકોએ કરેલ છે જેમાં ડો. ઈશ્વર પરમાર, દિલીપ રાણપુરા તથા અન્ય.આજે દિલીપ રાણપુરા લિખિત પુસ્તક ''શિક્ષકકથાઓ'' હાથમાં આપ્યું. સરસ વાંચી ગયો. પૂર્ણ થયા પછી અફસોસ થયો કે હું મારી જાતને શિક્ષક ગણાવુ છું. પણ એ સત્ય છે કે અર્ધ સત્ય ? પણ ખરે જાજી વાતુનાં ગાડાં ભરાય. પુસ્તક વાંચવા જેવું છે. એમાંય પ્રાથમિક શિક્ષકોએ ખાસ આ પુસ્તક વિશે મનુભાઈ પંચોલી લખે છે. દિલીપ મુળે શિક્ષક ગામગામના પાણી પીધાં, એમના સંપર્કમાં આવેલ કેટલાંક ધરતીના લૂણ જેવા શિક્ષકોનાં રેખાચિત્રો, જીવનચરિત્રો આ પુસ્તકમાં આવ્યા છે. સમાજ ભલે પંતુજીને તુચ્છ ગણે પણ આખરે તો શિક્ષક જ સમાજના ધારણ, પોષણ અને સત્વસમૃધ્ધિનો પોષક અને રક્ષક છે. જો કે આજે તે (શિક્ષક) અન્યની જેમ પોતાનો ધર્મ મૂકયો છે, તેમ છતાં એમાં કેટલાય શિક્ષકના નામને ઉજાગર કરનાર, શોભવનાર પડયાં છે.

એક મહત્વની વાત મનુભાઈ નોંધે છે. સારા શિક્ષક થવું તે કોઈ એક વર્ગનો ઈજારો નથી. શિક્ષકની નાતમાં રજપૂત, બ્રાહ્મણ, કણબી, આદિવાસી, વાણંદ, મુસ્લિમ ઘણાં બધાં છે. એનો અર્થએ કે જન્મગત વર્ણવ્યવસ્થા એક જુઠાણુ છે.

અંતમાં ભવિષ્યવાણી ભાખતા મનુભાઈ લખે છે જે સમાજમાં શિક્ષકો મોટા મનના, મહેનતુ તે સમાજ મોટા મનનો મહેનતુ બને.આ શિક્ષકકથાઓ વિશે લેખક દિલીપ રાણપુરા કહે છે શિક્ષકો વિશે લખ્યુ છે એ બધાનું કામ જોયું ત્યારે લાગ્યું કે પ્રાથમિક શિક્ષક તરીકે હું ઘણો ઊણો ઉતર્યો છું. આમ તો દિલીપ રાણપુરા મૂળે શિક્ષક, પણ એમને દિવ્યતા પ્રાપ્ત થઈને એક ગુજરાતને સારા સાહિત્યકાર, લેખક, નવલકથાકાર, ચરિત્રલેખક મળ્યા.હાલ આપણી વચ્ચે દિલીપ રાણપુરા નથી પણ એમના જેવું જીવવું ને એમનું સાહિત્ય વાંચવુ એ જ એમને સાચી શ્રધ્ધાંજલિ કહી શકાય. પગદંડીમાં દિલીપ રાણપુરાનું પુસ્તક શિક્ષકકથાઓમાંથી અનુકૂળતાએ ચરિત્રલેખન લઈ મારી શ્રધ્ધાંજલિ અર્પુ છું.ધીરૂભા એ વખતે જુવાન. સ્વભાવ જરા તીખો. કયારે ઉશ્કેરાઈ જાય તે કહેવાય નહિ. સ્વાભિમાનની માત્રા એટલી હદે કે – અહંકારી લાગે. મૂછો રાખે. વળ ચડાવે. વાળ ભરાવદાર. શરીર સશકત. આંખોમાં રતાશ દોરાયેલ હોય. અવાજ પણ વજનદાર. ઓ એક દિવસ કોઈક કામે તેમના નજીકના સગા હનુભાને મળવા વીરમગામ ગયા. ઘેર જવાને બદલે સીધા શાળાએ ગયા. તેમના વર્ગખંડમાં પ્રવેશી ચિઠ્ઠી આપી. હનુભા એ વખતે વિદ્યાર્થીઓને ભૂમિતિ શીખવી રહ્યા હતા. તેમણે ધીરૂભા સામે જોઈને ચિઠ્ઠી ખોલ્યા–વાચ્યાં વગર



દિલીપ રાણપુરા

ટેબલ પર મૂકી તેમના કામે વળગી જતા પહેલાં ધીરૂભાને ખુરસી પર બેસવાનું કહ્યું. હનુભાના આ વર્તનથી ધીરૂભા અંદરથી વમળાઈ ગયા. તેમને થયું, આ તે કેવા સગા ! ન ચિઠ્ઠી વાંચી. ન કશું પૂછ્યું ! જાણે સાવ અજાણ્યો માણસ અણગમતું કામ લઈને માથે પડતો આવ્યો હોય એવું વર્તન કરે છે. તેમનું લોહી સડસડી ગયું. અપમાનની ઝાળ રૂંવેરૂંવે પ્રજળવા લાગી ને તોય તેઓ સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતા બેસી રહ્યા.પીરિયડ પૂરો થયો. શાળા સમય પણ પૂરો થયો. વિદ્યાર્થીઓ ચાલ્યા ગયા. હનુભાએ ચિઠ્ઠી લીધી. વાંચી. ધીરૂભાને આવકાર્યા. કહ્યું : 'મારા વર્તનથી તમને માઠું લાગ્યું હશે, પણ હું માઢં કામ એક સેકંડ માટે પણ છોડી શકું નહિ.''પણ હું તમારો સગો...'' બરાબર જાણું છું... તમે વર્ગમાં આવ્યા ત્યારે હું શિક્ષક હતો. તમારો સગો નહિ. જીવનમાં જેમ વ્યવહારોની અગત્યતા છે, તેમ કર્તવ્યપાલનની પણ છે. વર્ગમાં હું ભણાવું કે નહિ, કોઈ પૂછનાર નથી. પણ મને એક જ્ઞાન થયું છે કે જે કામ આપણા ભરોસે છોડવામાં આવે છે ને તેનો પૂરો પગાર મળે છે તો તે પગાર વસૂલ થાય તેટલું કામ તો એક નિષ્ઠાથી કરવું જ જોઈએ. અને આ રીતે કામ કરતાં કરતાં જે આનંદ અને બાળ કોનો પ્રેમ મળે છે તે તો વધારાનો છે. એટલે કામની સાથે મળતા એ પ્રેમ અને આનંદની એક સેકંડ પણ હું વેડફી શકું નહિ... હું જે વિષયનું શિક્ષણ આપું છું તે માત્ર સ્થૂળ, અભ્યાસક્રમમાં સમાવાયેલો વિષય જ નથી હોતો. પણ એક જીવનદર્શન પણ હોય છે. એવું મને લાગે છે.'ધીરૂભાઈએ આટલું લાંબું ભાષણ સાંભળી લીધું. તેમનો વમળ ।તો રોષ શમી ગયો. તેઓ સાંજે પાછા ફર્યા ત્યારે પા હનુભાની વાત તેમના ચિત્તમાં રણકયા કરતી હતી અને તેમનાથી એક નિર્ણય લેવાઈ ગયો : ' પ્રેમ અને આનંદનું ભાથું બાધી જિંદગીની સફર કરવી હોય તો શિક્ષક થવું.' અને તેમની ચિત્તની ભૂમિતિમાં નવાં સમીકરણો મંડાવા લાગ્યાં.પિતા લશ્કરમાં હતા. માતાનું અવસાન તેઓ પાંચેક વર્ષના હતા ત્યારે થયેલું. એટલે મેઘાણીની કવિતાની જેમ 'કેવી હશે ને કેવી નહિ. મા મને કોઈ દિ' સાંભરે નહિ' જેવી તેમની મનઃસ્થિતિ હતી. સંયુકત કુટુંબમાં, વડીલોના છત્ર અને લાડ–કોડ નીચે તેમનો ઉછેર થયો.મૂળ વતન ધ્રાંગધ્રા તાલુકાનું મેથાણ, પ્રાથમિક શિક્ષણ હળવદા મેથાણ, ધ્રાંગધ્રામાં અને માધ્યમિક શિક્ષણ ચૌધરી હાઈસ્કૂલ રાજકોટ અને ધ્રાંગધ્રાની સર અજીતસિંહજી હાઈસ્કૂલમાં પૂરૂ કર્યુ. આમ ગામ, શાળ ।ઓ, શિક્ષકો, દોસ્તો બદલાતા રહ્યા. અનુભવો થતા રહ્યા. હિંમત અને સાહસિકતા વિકસતા રહ્યા. દરબારી વટ કરતાં વળ વધુ ચડતો રહ્યો. પણ હનુભાના શબ્દોએ પેલા દરબારી વળને થોડો ઉબેળ્યો. અને વટને એક નવો ઘાટ આપવા માંડયો. તેમણે હળવદ રહેતા તેમના મોટાબાપુને કહ્યું : 'મારે તો શિક્ષક થવું છે.'આ સાંભળી મોટાબાપુ ચોંકી ગયા. તેમણે કહ્યું : 'વાત સારી છે. પણ શિક્ષક થવું સહેલું નથી. એ માટે તો ચિત્ત શાન્ત સ્વસ્થ હોવું જોઈએ. જ્ઞાનની ઉપાસના એકાગ્રતાથી કરવી જોઈએ ને વધુ તો માતૃહૃદય હોવું જોઈએ.

'એ બધું આવી જશે બાપુ, મને એક ડગલું તો માંડવા દો... જો એ ડગ ડગી જશે તો શિક્ષણના વ્યવસાયને લાંછન ન લાગે તે માટે તે છોડી દઈશ ને પછી કાં તો તલાટી, કાં પોલીસ, કાં મિલિટરીમાં ભરતી થઈ જઈશ. પણ મને એક વખત શિક્ષક બનવા દો.'ધીરૂભાના અવાજમાં શ્રદ્ધા રણકતી હતી. એટલે હા કહી.ધીરૂભા ૧૯૫૯–૬૧ પી.ટી.સી. થવા લીંબડી અધ્યાપન મંદિરમાં દાખલ થયા. સંકલ્પ હતો એક સારા શિક્ષક બનવાનો. એટલે લગનથી ભણતા હતા. પણ તોય કયારેક પેલો દરબારી વળ ચડી જતો, પણ પાછા સભાનેય બની જતા. પી.ટી.સી. થયા પછી મેથાણની બાજુના ગામ રાજચરાડીમાં શિક્ષક તરીકે નિમણૂક મળી. ત્યાં બે વર્ષ કામ કર્યુ અને મેથાણથી સત્તર કિલોમીટર દૂર સુરેન્દ્રનગર–ધ્રાંગધ્રાના રસ્તે આવતા રાજસીતાપુરથી અંદરના ભાગે પાંચેક કિલોમીટર દૂરના ગામ પ્રતાપપુર બદલી થઈ. ૧૯૬૩માં. પંચાયતી રાજની સ્થાપના પણ થઈ... પ્રતાપપુરની વસતિ એ વખતે સાતસો માણસોની. ધીરૂભા શિક્ષક તરીકે આવ્યા એ વાત ગામ લોકોને ખૂંચે. ચણભણ થયા કરે કે આ દરબાર માસ્તર આપણા ગામમાં ન હોવો જોઈએ. એ માથાભારે હોય, એની મૂછોના વળ તો જુઓ. ને આંખ કેવી લાલઘૂમ છે. એ આપણા છોકરાને ભણાવવા કરતાં ફટકારશે વધુ... કરો એનો બહિષ્કાર. ભાગી જશે અહીંથી ને આવી વાતો ધીરૂભા સાંભળે એ રીતે તેઓ નીકળે ત્યારે કરે, ધીરૂભાનું લોહી સડસડે. પણ તરત જ સાંભરી જાય મોટા બાપુના શબ્દો : 'શિક્ષક થવું સહેલું નથી.' ને હનુભાની નિષ્ઠા... ને પોતાના સંકલ્પો. તેઓ ગામ કાંઠે આવેલા તળાવે ફરવા જાય. આઠખૂણિયું,પાકા ઘાટ–આરા બાંધેલું તળાવ. તેમાં લહેરાતું પાણી. ઊઠતા તરંગો જોઈ ટકી રહેવા. ગામનો વિસ સંપાદન કરવા શું કરવું તેના તરંગો તેમના મનમાં પણ ઊઠે. વળ ી આ ચંન્દ્રાત્સર તળાવ કોણે બંધાવ્યું હશે તેનાય વિચાર આવે. તળાવની પાળે ફરે. એમાં એક ઊંચા પથ્થર પર કશુંક લખેલું જોયું. પણ લિપિ તો પોતે ઉકેલી શકે તેમ નહોતા. વાતો તો ઘણી સાંભળેલી. અહીં વગડો હતો. ચન્દ્રસેન રાજા અહીંથી નીકળેલો. તેણે આ તળાવ બંધાવ્યું. કેટલાં વર્ષ થયાં તેની ખબર નથી. પણ સર અજીતસિંહે એકસો અગિયાર વર્ષ પહેલાં ત્રણ ગામનો રકબો (પડતર જમીન) કાઢી પ્રતાપપુર વસાવ્યું ત્યાર પહેલાંનું આ તળાવ છે. પાકું પથ્થર–ચૂનાનું બાંધકામ છે. પાણીની પાળ પણ પથ્થરની છે ને પથ્થરની ગળ ણીઓ મૂકેલી છે, જેથી પાણીની સાથે જાળાં, ઝાંખરાં, પથ્થર કે માટી તણાઈને તળાવમાં પુરાણ ન કરી શકે. આજે ' ક્યાંક ક્યાંકથી તે થોડું જર્જરિત થયું છે. પણ તેની સંભાળ લેવાય છે. ધીરૂભાએ પણ પોતાના ચિત્તમાં વહેતા શિક્ષકત્વના પ્રવાહની સાથે દૂષણો, અધૈર્ય, ક્રોધ, અસ્વસ્થતાનાં જાળ ાં–ઝાંખરાં તણાઈ ન આવે તેની ચોંપ રાખવા માંડી. શાળાની સ્થાપના તો સ્ટેટના વખતમાં ૧/૩/૧૯૪૪ના રોજ થઈ હતી. પણ શાળાનું અલગ મકાન નહોતું. ઘોડા બાંધવાનો તબેલો હતો ત્યાં એક રૂમ કાઢી આપેલો. ચૌદ વર્ષ પછી બીજો રૂમ પણ એ તબેલાનો જ મળ્યો હતો. ગામની બાંધણી બંને બાજુ એક સરખા મકાનની હતી. તેનો નકશો જોતાં તે કાંગસી આકારની લાગે. ધીરૂભાને ગામ ગમતું હતું, કામ તો મનગમતું હતું. પોતે ક્ષત્રિય (દરબાર) હોવાથી જ ગામ તેમને અણગમાની, ઘૃણાની નજરથી જોતુંહતું. જો ગામ શિક્ષકને આદરથી ન જોઈ શકે તો શિક્ષક કામ પણ કઈ રીતે કરી શકે ? ને કરે તો તે ઊગે કેટલું ? તેમણે નિશ્ચય કરી લીધો. મારે અહીં કામ કરવુંછે. ગામે ભલે બહિષ્કાર કર્યો. ભલે પૈસા દેવા છતાં કોઈ દૂધ પણ ન આપે. પણ હું માઢં કામ નહિ છોડું. વિદ્યાર્થીઓ તો મારી પાસે આવે છે. હું તેમને પ્રેમથી જીતી લઈશ.સાતસો માણસની વસતિના ગામમાં એક શિક્ષકની મૂક બહિષ્કાર જેવી સ્થિતિ પંદર–વીસ દિવસ ચાલે તો કાચી માટીનો શિક્ષક ભાંગી પડે. પણ ધીરૂભા ભાંગી ન પડયા. તેમણે વિદ્યાર્થીઓને જીતી લીધા. વિદ્યાર્થીઓ જિતાતાં જ ગામના વર્તનમાં પરિવર્તન આવ્યું. ધીરૂભા આથી ફુલાયા નહિ. દરબારી વળ જરાય ન ચડ્યો. પણ 'વટ' વધુ નિખારવાનો ઉત્સાહ આવ્યો, લોકો હળવા–મળવા લાગ્યા. પોતાના વળને ઉતારી નાખવાનું ઋણ ચૂકવવું હોય એમ તેઓ કામે વળગી ગયા.

(ક્રમશઃ આવતા અંકમાં પ્રસિધ્ધ થશે)



# બાલ એક્સપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોક્સ


સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી


## હોલગર નેલ્સનની પદ્ધતિ

**દરદીને પડખું વળાવવાની રીત :** દરદી જો પીઠેથી ચત્તો પડેલો હોય તો તેને નીચે મુજબનો સીધો સુવડાવવો. તેનો દૂરનો પગ તેના નજીકના પગ ઉપર વાળવો. દરદીના માથા સામે ડાબા ઘૂંટણે બેસી બાજુની બહાર જમણો પગ મૂકવો. દરદીના હાથ તેના માથાની ઉપર સંભાળીને મૂકવા અને તેને પડખું વાળતી વખતે તેમજ રાખવા. દરદીના બાજુના જમણા હાથનો ઉપલો ભાગ પકડવો અને તેને ઊલટાવવો. તેમ કરતાં બીજા હાથે તેના ચહેરાનું રક્ષણ કરવું. દરદીના હાથ નીચે જણાવ્યા મુજબ ગોઠવવા. જો જરૂર પડે તો ઉપલી રીત ઊલટાવી નાખવી.

**દરદીને સૂવડાવવાની રીત :** દરદીને સપાટ જગ્યા ઉપર અડધું પડખું વાળીને સૂવડાવવો. દરદીના કપાળ નીચે તેના હાથ મૂકવા તેનું માથું એક બાજુએ વાળવું જોઈએ. તેના નાક અને મોઢાને નડે તેવી કશી વસ્તુ ન જોઈએ.

**મદદ કરનારે લેવાની જગ્યા :** મદદ કરનારે પોતાનો એક ઘૂંટણ તેની અંદરની બાજુએથી



દરદીના માથાના ઉપરના ભાગથી છથી બાર ઈંચ દૂરદરદીના ગાલથી સીધી લીટીમાં મૂકવો. બીજો પગ અને એડી દરદીની કોણીની લીટીમાં મૂકવાં. હાથ દરદીની પીઠ ઉપર મૂકવા અને હાથની હથેળી દરદીના ખભાના નીચલા ભાગ ઉપર મૂકવી. હાથના અંગૂઠા બરડાની કરોડની બાજુમાં રાખવા અને આંગળાં દરદીના પગ તરફ રાખવાં.

## બંને મૂંગાં બેસી રહ્યાં

### ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

યરવડા જેલમાં બાપુ હતા ત્યારે બા એમની મુલાકાતે ત્યાં આવ્યાં. નિશ્ચિત સમયે જેલ અધિકારીની હાજરીમાં તેમની મુલાકાત ગોઠવાઈ.બા બાપુ એકબીજાના ખબર અંતર પૂછવા લાગ્યાં ત્યારે જેલ અધિકારીને થયું કે આ પૂજ્ય વ્યકિતઓની મુલાકાત વખતે હું અહીં ઊભો રહું તો તેઓ છૂટથી વાતચીત કરી નહીં શકે, જરીક આઘોપાછો થાઉં. આમ વિચારી એ દૂર જઈ લટાર મારવા લાગ્યા.જેલમાં મુલાકાતનો સમય અડધો કલાક. એટલો સમય પૂરો થયો એટલે જેલ–અધિકારી હસતા હસતા પાછા આવ્યા. તેમણે બાપુને પૂછ્યું : આપની વાતચીત હવે પૂરી થઈ હશે.ગાંધીજી : ''વાતચીત ? તમારી રૂબરૂમાં એકબીજાના ખબર અંતર પૂછયા એ જ. આપના ગયા પછી અમે બંનેએ એક હરફ સરખો ઉચ્ચાર્યો નથી.''જેલ–અધિકારી : ''એમ કેમ, બાપુ ?''ગાંધીજી : ''આપ જેલનો નિયમ તો જાણો છો. જેલના અધિકારીની ગેરહાજરીમાં જેલનો કેદી મુલાકાતીઓ સાથે વાત કરી શકતો નથી. આપ બેઠા ત્યાં સુધી ખબર અંતર પૂછયા. પણ આપના ગયા પછી તો અમે બંને શાંત થઈને બેસી રહ્યાં છીએ.

**૧૯. 'મહાત્મા' ન કહો !**

મુંબઈ એકસેલ્સ્ટર થિયેટરમાં એક સભા યોજાઈ હતી, તે મલબાર સંકટ નિવારણ માટેની હોઈ ગાંધીજી એમાં હાજર રહ્યા. જયકરનું ભાષણ થયું ને ગાંધીજીને ખબર પડી કે સભા એમને માન આપવા માટે પણ છે. જુદા જુદા રાજકીય પક્ષના અને કોમના સજ્જનો એક પછી એક ઊભા થઈને ગાંધીજી પ્રત્યેનો સ્નેહાદર પ્રગટ કરવા લાગ્યા. જમનાદાસ દ્વારકાદાસનો વારો આવ્યો. એ પણ ગાંધીજી પ્રત્યે આદર કે પ્રેમભાવમાં બીજા કોઈથી પાછળ ન હતા એમ તેઓ જણાવતા હતા ત્યાં સભામાંથી એક બે જણે પોકાર કર્યો : ''મહાત્માજી કહો ગાંધીજી નહીં !''જમનાદાસે સરળ તાથી સમજાવ્યું : ગાંધીજીને પોતાને '' મહાત્મા'' શબ્દ રૂચતો નથી એ એમણે પોતે મને કહ્યું છે, એટલે હું એમનું દિલ દુખવવા માગતો નથી.એમણે ભાષણ આગળ ચલાવ્યું. ફરી પોકારો થયા. ફરી એમણે ખુલાસો કર્યો. બીજાં ભાષણો થયાં. અંતે ગાંધીજીનો બોલવાનોવારો આવ્યો. એમણે વીંધાતા હૃદયે કહ્યું : બે ત્રણ ભાઈઓએ જમનાદાસ સામે અને સભા સામે અવિનય કર્યો છે. ભાઈ જમનાદાસે કહ્યું તે સાચું છે. '' મહાત્મા''ના નામે અનેક કૂડાં કામ થયાં છે. મને 'મહાત્મા' શબ્દની બદબો આવે છે. ત્યાં વળી કોઈ જયારે આગ્રહ રાખે કે સેએ મને 'મહાત્મા' કહેવો, ત્યારે તો હું અકળાઈ જાઉં છું. 'મહાત્મા' શબ્દ વાપરવાની ના કહું છું તેમ તેમ તેનો વધારે ઉપયોગ થાય છે એ જાણું છું એટલે માત્ર જીભથી ના કહીને બેસી રહેવું મારે માટે પૂરતું નથી. આશ્રમમાં તો મારી કે બીજાની આગળ એ શબ્દ ન વાપરવાની આજ્ઞા છે. ભાઈ જમનાદાસે તો મારે માટે ભારે સ્તુતિનાં વચન વાપર્યાં, પણ જો તેમણે કહ્યું હોત કે ગાંધી જેવો દુખકારક એકે માણસ નથી તોપણ તેમને રોકવાનો કોઈને અધિકાર નથી.આટલાં વચન ઉચ્ચારાયાં ત્યાં તો સામેની ગલરીમાંથી એક ભાઈએ ઊભા થઈ હાથ જોડીને પ્રણામ કરી માથું નમાવ્યું. ગાંધીજીએ કહ્યું : એટલું બસ છે. પણ હજી ત્યાં એકબે ભાઈઓ છે. તેઓ માફી ન માગે?

બીજા બે જણ ઊભા થયા. માફી માગી. ગાંધીજીએ બોલવાનું આગળ ચલાવ્યું. ત્યાં તો વળી એક ભાઈ રહી ગયેલા તેઓ ઊભા થયા અને માફી માગી.

ગાંધીજીને શાંતિ થઈ. તેમણે કહ્યું : તમે જમનાદાસને તુચ્છકાર્યા તેથી મને અતિશય દુખ થયું. પણ તમે વિનયપૂર્વક માફી માગી એટલે એ દુખ સુખરૂપ થઈ પડયું. એ માફી માગનારાઓનું તો ભલું થશે જ, પણ આપણે જેઓ એ દશ્યના સાક્ષી છીએ તેમનું પણ ભલું થશે.

## કલ્પના અને વાસ્તવિકતા

### શિશુવંદના

ગિજુભાઈ ભરાડ

તમેમુઠ્ઠીબંધરાખીનેબાળકની સામે ધરો છો ત્યારે એ એમાં ચોકલેટની કલ્પના કરે છે. એ ધારણા જયારેસાચીપડેછેત્યારેએનાઆનંદનો પાર રહેતો નથી, એ આનંદ ચોકલેટ પ્રાપ્તિનોજનથી,પોતાનીકલ્પનાસાચી પડવાનોપણછે.બાળકજેમમોટોથતો જાય છે એમ એ માનવ સહજ રીતે કલ્પના લડાવતો જાય છે. એના પરિચયમાં આવતા મનુષ્યો અંગેની કલ્પનાનીબાબતમાંએનેઠીકઠીકગોથા ખાવાનો અનુભવ થાય છે. પરંતુ શિક્ષણને કારણે આગળ જતાં એ સ–આધાર કલ્પના કરતો થાય છે. તર્કનાપાયાપરશરૂથતુંઆનવુંવિચારવિ જ એની આંતરિક પ્રતિભાના નિર્માણનું કામ બહુ વહેલી ઉંમરથી આરંભી દે છે. એની કલ્પના–શકિત એના અર્ધજાગ્રત મનની ક્ષમતાઓના ઉપયોગનોપ્રારંભછે.ધ્યાનએરાખવાનું છેકેએનોકલ્પનાવિહારતરંગલીલાનબની જાય. જેના મૂળ આકાશમાં હોય પણ શાખાઓ પૃથ્વી પર જ હોય એવી વિચારશીલતાએ જ માનવજાતને અનેક નૂતનસંશોધનોથીવિભૂષિતકરીછે.કલ્પના અને વાસ્તવના મિશ્ર રસાયણમાંથી નીપજતો નવોન્મેષ જ આ પૃથ્વીની ઉજ્જ્વળઆવતીકાલનુંનિર્માણકરશે.

## કાન્તાબહેન એમ. પટેલ – ભાગ – ૪

### લક્ષદ્વીપ–પ્રવાસ

સ્વામી સચ્ચિદાનંદ

પ્રકાશક : ગુર્જર પ્રકાશન

જેવો 'આહારભીમનો વ્યવહાર તેવો જ ' વાચાળભીમનો પણ વ્યવહાર કહેવાય. કેટલાક લોકો જયારે જુઓ ત્યારે બોલબોલ જ કરે. ચૂપ જ ન રહે. તમને ગમે છે કે નથી ગમતું તેની પરવા કર્યા વિના કલાકો સુધી તેમનો રેડિયો ચાલુ જ રાખે. આવા માણસોથી લોકો કંટાળીને દૂર ભાગતા હોય છે. વ્યકિતએ થોડું મીઠું અને જરૂરી હોય તેટલું જ બોલવું જોઈએ. શ્રોતાના ચહેરા ઉપરથી માપ કાઢવું જોઈએ કે તેને તમારી વાત ગમે છે કે નહીં. જો ન ગમતી હોય તો તરત જ બંધ કરી દેવી જોઈએ. પણ વાચાળ ભીમોને આવી કશી પરવા હોતી નથી. તેમના રેડિયોમાં ઓફ સ્વિચ હોતી જ નથી. શું કરે બિચારા ? બધાં જમીને તૈયાર થઈ ગયાં. અને ૨૩ કિમી દૂર એરપોર્ટ જવા રવાના થયાં. મહેશભાઈએ પહેલેથી જ બોર્ડિંગ પાસ વગેરેની વ્યવસ્થા કરી રાખી હતી, તોપણ એરપોર્ટ ઉપર લગભગ દોઢ બે કલાક વિતાવવા પડ્યા. અંતે અમે બધાં વિમાનમાં બધાં ગોઠવાયાં અને વિમાન સમયસર મુંબઈ જવા રવાના થયું. કોચીનથી અમદાવાદની સીધી ફલાઈટ ન હોવાથી વાયા મુંબઈ જવું પડે છે. વિમાનમાં નાસ્તો અપાયો, પણ બધાં જમીને નીકળ્યાં હોવાથી ખાસ કોઈએ લીધો નહીં. વિમાન સમયસર મુંબઈ પહોંચ્યું. ફરી પાછો વ્હીલચેરમાં બેસીને લાંબો રસ્તો પાર કરીને ૫૧ નંબરની ગેટે પહોંચ્યો અને બેઠો. વિમાનને હજી ઘણી વાર હતી. મુંબઈથી અમદાવાદ જવું હોય તો ગુજરાતનાં ઘણાં પરિચિત પ્રવાસીઓ મળી જાય. દૂર દેશમાં કોઈ પરિચિત વ્યકિત મળે અને હૂંફાળો આવકાર આપે તો આનંદ થાય. જીવનમાં તમારી કેટલી ઓળખાણ છે અને તમે કેટલા લોકોને પ્રિય બન્યા છો તે પણ એક મૂડી કહેવાય. અંતે મુંબઈથી પણ વિદાય થયો. અહીં લાભુભાઈ તથા ડાંખરા પરિવાર સાથે છૂટા પડી ગયા, કારણ કે તેમને સુરત જવાનું હોવાથી તેમને લેવા પોતપોતાની કાર આવી હતી. અમે બધાં લગભગ ૧૦:૩૦ વાગે અમદાવાદ હવાઈ મથકે પહોંચી ગયાં. અમદાવાદનું હવાઈમથક હવે ભવ્ય બન્યુંછે. મારી ના હોવા છતાં મનુભાઈ, બંસી અને મેવાડા લેવા માટે પહેલાં જ આવી ગયા હતા. સાથે નાના રૂદ્રાંશને પણ લાવ્યા હતા. રૂદ્રાંશે હઠ પકડી હતી કે મારે પણ હવાઈ મથકે આવવું છે. કેટલીકવાર નાનાંબાળકોની લાગણી પણ આપણને પ્રભાવિત કરી મૂકે તેવી હોય છે. સામાન આવતાં થોડી વાર થઈ તોપણ બધાંને બધો સામાન મળી ગયો. આશ્રમ પહોંચીને ઊંઝા જતા પ્રવાસીઓની રાહ જોવા લાગ્યા. ઊંઝાવાળી બસને વાર લાગી, પણ આવી ખરી. ફરીથી બધાં મળ્યાં. લગભગ સાડા અગિયાર બાર થવા આવ્યા હતા. બધાંને મળીને અમે બધાં શયન કરવા પોતપોતાના રૂમમાં ચાલ્યાં ગયાં. આ રીતે અમારો લક્ષદ્વીપનો પ્રવાસ હેમખેમ પૂરો થયો.






બાલમિત્રો,

તમે બધાં શાળામાં તો જતાં જ હશો, ભણવાનું પણ બરાબર ચાલતુ હશે.તમે ધ્યાન દઈ ભણતા પણ હશો. પણ કયારેક રમવાનું, તોફાન કરવાનું, નાસ્તો ખાઈ લેવાનું, ધીંગામસ્તી કરવાનું, તો કોઈ સાથે ઝઘડી પડવાનું બનતું હશે. પણ કયારેક વર્ગમાં શિક્ષકનો ઠપકો, માર ખાધા હશે. કયારેક વર્ગની બહાર ઉભા રહેવું પડયું હશે. કયારેક આચાર્યનો ઠપકો મળ્યો હશે. બોલો આવું આવુ થયું હોય છે ને ? તમે હા/ના કહેશો એની મને ખાત્રી છે.

બાળીમત્રો, મારે એ કહેવું છે કે, બાળપણમાં બધુ કરવાની ઘૂટ, રમવુ, હસવું, ટી.વી.જોવું , બાધવું – ઝઘડવું, ખોટું પણ બોલાય જાય, પણ એ બધાની પાછળ આપણું શિક્ષણ બગડવું ન જોઈએ, અને હા શિક્ષક, આચાર્ય તમને જે કહેશે એ તમારા ભવિષ્ય માટે કહેતા હોય છે. એમનું ખોટું ન લગાડવું, અમા કરશો તો સારા માણસ જરૂર બનશો.

## સાત પૂંછડિયો ઉંદર

### બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

એક હતો ઉંદર, તેને સાત પૂંછડી હતી.

એક વાર એની માએ એને નિશાળે મોકલ્યો. નિશાળે કોકરાં ઉંદરની સાત પૂંછડી જોઈને એને ખીજવવા લાગ્યાં :'સાત પૂંછડિયો ઉંદર,ભાઈ, સાત પૂંછડિયો ઉંદર !સાત પૂંછડિયો ઉંદર,ભાઈ સાત પૂંછડિયો ઉંદર ! ઉંદર તો રોતો રોતો ઘેર આવ્યો. એની મા કહે : 'શું કામ રડે છે ? નિશાળમાંથી પાછો કેમ આવ્યો ?'ઉંદર કહે : 'એં, એં, એં! મને બધા સાત પૂંછડિયો ઉંદર, સાત પૂંછડિયો ઉંદર, કહીને ખીજવે છે.'મા કહેઃ 'કપાવીને આવ એક પૂંછડી. જા સુતારને ત્યાં.' ઉંદર તો સુતારને ત્યાં ગયો ને એક પૂંછડી કપાવી આવ્યો. ઉંદરને છ પૂંછડી રહી.બીજે દિવસે ઉંદર નિશાળે ગયો ત્યાં છોકરાં પાછી ખીજવવા લાગ્યાં. ' છ પૂંછડિયો ઉંદર,ભાઈ, છ પૂંછડિયો ઉંદર !છ પૂંછડિયો ઉંદર,ભાઈ, છ પૂંછડિયો ઉંદર !'પાછો ઉંદર તો ઊં, ઊં, ઊં, કરતો ઘેર આવ્યો ને ઘંટી નીચે રિસાઈને બેઠો.એની મા કહે : 'કયાં ગયો ઉંદરડો ? એલા જમવા ચાલ, ભૂખ નથી લાગી ?'ઉંદર કહે : 'એં, એં, એં! અમે નહિ જમીએ. અમને બધા છ પૂંછડિયો ઉંદર, છ પૂંછડિયો ઉંદર, એમ કહીને ખીજવે છે.'મા કહે : 'જા પાછો સુતારને ત્યાં ને એક પૂંછડી કપાવી આવ.'હવે ઉંદરને પાંચ પૂંછડી રહી. ઉંદરભાઈ તો સુતાર પાસે ગયા ને વળી એક પૂંછડી કપાવી આવ્યા. બીજે દિવસે ઉંદરભાઈ સ્લેટ અને પેન લઈને નિશાળે ગયા.આઘેથી ઉંદરભાઈને આવતા જોઈને બધાં છોકરાં કહે 'એ આવ્યા પેલા ઉંદરભાઈ !'ઉંદરની પાંચ પૂંછડી જોઈને છોકરા તો વળી ખીજવવા લાગ્યા :'પાંચ પૂંછડિયો ઉંદર,ભાઈ, પાંચ પૂંછડિયો ઉંદર ! પાંચ પૂંછડિયો ઉંદર,ભાઈ, પાંચ પૂંછડિયો ઉંદર !' ઉંદરભાઈ તો ખિજાયા ને હોં હોં, હોં કરતા ઘેર આવ્યા ને પેટી ઉપર બેઠા. એની મા કહે : 'વળી શું થયું ? હૈં, હૈં, હૈં, કરીને રડે છે શાનો ?'ઉંદર કહે : 'અમને બધા પાંચ પૂંછડિયો ઉંદર, પાંચ પુછડિયો ઉંદર એમ કહીને ખીજવે છે.'મા કહે : 'જા પાછો સુતારને ત્યાં ને કપાવીને આવ એક પૂંછડી.'પછી તો ઉંદરભાઈને ચાર પૂંછડી રહી.મા કહે : 'હવે જા નિશાળે હવે તને કોઈ નહિ ખીજવે'પણ પાછા ઉંદરભાઈ નિશાળે ગયા ત્યાં તો બધાંય ખૂબ ખૂબ ખીજવવા લાગ્યા. ઉંદરભાઈ તો પાછા મોટો રાગડો કાઢતા ખઢતા ઘેર આવ્યા ને મોં ચઢાવીને બેઠા.મા કહે : ' ચાલને હવે ખાવા ? મોં ચડાવીને શું બેઠો છે ?' ઉંદર કહે : 'એં, એં, એં ! અમને બધા ખીજવે છે. હજી બધા કહે છે કે ચાર પૂંછડિયો ઉંદર, ચાર પૂંછડિયો ઉંદર. અમે હવે નિશાળે નહિ જઈએ !' મા કહે : 'એમ તે થાય, બેટા ! એક પૂંછડી કપાવી આવ.ઉંદરે વળી એક પૂંછડી કપાવી.એટલે તો એને ત્રણ પૂંછડી રહી.વળી પાછા ચોરણી પહેરીને ને એમાં પૂંછડી સંતાડીને ઉંદરભાઈ નિશાળે ગયા.બધાં છોકરાં કહે : 'આજ તો ઉંદરભાઈ ચોરણી પહેરીને આવ્યા છે !' પણ ઉંદરભાઈ જયાં મૂતરવા બેઠા ત્યાં તો બધાંય એની ત્રણ પૂંછડી ભાળી ગયા. બધાં છોકરાં કહેઃ 'અહો ! આ તો'ત્રણ પૂંછડીઓ ઉંદર,ભાઈ, ત્રણ પૂંછડિયો ઉંદર !ત્રણ પૂંછડીઓ ઉંદર,ભાઈ, ત્રણ પૂંછડિયો ઉંદર ! ઉંદર તો રોતો રોતો ભાગી જ ગયો અને ઘરમાં આવીને કોઠી નીચે ભરાઈને એં, એં, એં, કરવા લાગ્યો. પછી તો ઉંદરે ત્રીજી પૂંછડી કપાવી નાખી તો ય બધી ખીજવવા લાગ્યાં, પછી તો એને એક જ પૂંછડી રહી.નાહીધોઈને ઉંદરજી પાછા નિશાળે ચાલ્યા. મા કહે 'હવે તને કોઈ નહિ ખીજવે. હવે તારે એક પૂંછડી છે.' પણ ઉંદરભાઈને તો બધાંએ ખૂબ ખીજવ્યા. બધાં એક પુંછડીને અડે ને ખીજવે :'એક પૂંછડિયો ઉંદરભાઈ, એક પૂંછડિયો ઉંદર !એક પૂંછડિયો ઉંદર !ભાઈ, એક પૂંછડિયો ઉંદર !ઉંદરભાઈ તો પાછા મોટી પોક મૂકતા મૂકતા ઘેર આવ્યા.મા કહે : 'વળી રોતો રોતો આવ્યો ? તને તે થયું છે શું ?'ઉંદર કહે : 'બા, બા ! હજી મને બધાં ખીજવે છે. કહે છે કે એક પૂંછડિયો ઉંદર, ભાઈ એક પૂંછડિયો ઉંદર. બધાંને એક એક પૂંછડી છે તો ય ખીજવે છે.મા કહે : ' તો ત્યારે એક પૂંછડી પણ કપાવી આવ.' પછી ઉંદરભાઈ તો બાંડા થઈ ગયા !ઉંદરભાઈ તો નિશાળે ચાલ્યા. તે કહે : 'હવે, કયાંથી ખીજવશે ? હવે તો પૂંછડી જ કયાં છે ?પછી નિશાળમાં ગયા ત્યાં તો બધાં છોકરાં ઉંદરભાઈને ઘેરી વળ્યાં અને પેરણ ઊંચું કરીને ખીજવવા લાગ્યાં :'બાંડો ઉંદર, ભાઈ, બાંડો ઉંદર.બાંડો ઉંદર, ભાઈ, બાંડો ઉંદર.

# હૃદયપરિવર્તન

## જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ)

પ્રકાશ કુબાવત

શેરસિંહ આજ બહુ ખુશ હતો. ઘણા સમયથી તે ફરવા જવાનું વિચારી રહ્યો હતો, પણ અમલ કરી શકતો ન હતો. દર વખતે કોઈને કોઈ વિઘ્ન આવી જ જતું. આજ તે મન મક્કમ કરીને નંદનવન છોડીને હરિતવન ફરવા જવાનો હતો.

તેણે હરિતવનનાં ખૂબ વખાણ સાંભળ્યાં હતાં. કુદરતે તેનું સૌંદર્ય હરિતવનમાં છૂટા હાથે વેર્યું હતું. આખો ઉનાળો હરિતવનમાં જ ગાળવાનું તેણે નક્કી કર્યું.શેરસિંહે તેના યુવાન પુત્ર સામંતસિંહને બોલાવીને કહ્યું, ‘‘હું આજ સાંજે હરિતવન ફરવા જવાનો છું. ત્યાં બે મહિના રોકાઈશ. મારી ગેરહાજરીમાં રાજયનો વહીવટ તું સાંભળજે. તું યુવાન છે. તું જ ભવિષ્યનો રાજા છે. તને અત્યારે પ્રેકિટસ થઈ જશે.’’શેરસિંહની વાત સાંભળી સામંતસિંહ ઉત્સાહમાં આવી ગયો. તેણે કહ્યું, ‘‘ભલે પિતાજી. તમે નિરાંતે હરિતવનમાં ફરજો. અહીંની કશી ચિંતા કરતા નહિ. હું બધું સંભાળી લઈશ.’’ શેરસિંહ હરિતવન જવા નીકળ્યા પછી તરત જ સામંતસિંહે તેના મિત્રો શિયાળ, ઝરખ અને વરૂને બોલાવ્યા અને કહ્યું કે, ‘‘હવે બે મહિના આપણું જ રાજ છે. મારા પપ્પા ઉનાળો હોવાથી હરિતવન ફરવા ગયા છે. તે બે મહિને પરત ફરશે.’’આ વાત સાંભળી શિયાળ ખૂબ જ ખુશ થયું. તેણે કહ્યું, ‘‘ કાલથી બે મહિના આપણે ખૂબ જ મોજમસ્તી કરીશું. સારૂ સારૂ ખાઈશું અને આનંદ કિલ્લોલ કરીશું.’’ પણ એમ કેમ આપણે આનંદ કરી શકીશું ? રાજદરબારનાં ઘણાંબધાં કામ હોય, પ્રજા પોતાના પ્રશ્નો લઈને આવે તો તેને પણ મળવું પડે. આ બધું કરવામાં જ મોટા ભાગનો સમય પૂર્ણ થઈ જાય. મોજમસ્તી માટે ટાઈમ જ ન મળે.’’ ઝરખ બોલ્યું.સામંતસિંહ તો આ બાબત વિચારી જ ન હતી. ત્યાં તો શિયાળ બોલ્યું, ‘‘પ્રજા ખોટેખોટા પ્રશ્નો લઈને આપણી પાસે આવશે. તે શાંતિથી રહેશે નહીં અને આપણને પણ રહેવા દેશે નહીં. બે મહિનામાં કંઈ ખાટું મોળું નહિ થઈ જાય. બે મહિના આપણે રાજદરબાર જ ન ભરવો.’’સામંતસિંહને શિયાળની વાત ખૂબ જ ગમી ગઈ. બીજા દિવસે સવારે ઢંઢેરો પિટાવ્યો કે, ‘‘બે મહિના કોઈએ રાજદરબારમાં આવવું નહીં અને કોઈ પ્રશ્નો પણ રજૂ કરવા નહીં. જે કોઈ



વ્યકિત આ આદેશનું પાલન નહીં કરે તેને સખત સજા કરવામાં આવશે.’’એકાદ અઠવાડિયા પછી પાડોસી રાજા ક્રૂરસિંહ ત્રણ-ચાર પ્રાણીઓનું અપહરણ કરી ગયો. હાથી આ વાત સામંતસિંહને કહેવા ગયો પણ શિયાળે તેને રાજમહેલની અંદર આવવા જ ન દીધો.દરવાજે ઊભેલો શિયાળ કહે, ‘‘સામંતસિંહ અત્યારે નૃત્યશાળામાં નૃત્યનો આનંદ લઈ રહ્યા છે. સખત સૂચના છે કે કોઈએ અહીંયાં આવવું નહીં છતાં પણ કેમ આવ્યા ? ચાલ્યા જાવ અહીંથી. નહિતર સજા કરવામાં આવશે.’’હાથીએ શિયાળને ખૂબ આજીજી કરી પણ તે એકનું બે ન થયું. શિયાળે હાથીની વાત સાંભળી પણ નહીં અને તેને સામંતસિંહ પાસે જવા પણ ન દીધો. વિલા મોઢે હાથી પાછો ફર્યો.જેમ-જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ સામંતસિંહ વધુ ને વધુ પ્રમાદ કરવા લાગ્યો.આ બાજુ ત્રણ-ચાર પ્રાણીઓનું અપહરણ કરી ગયેલ હોવા છતાં નંદનવન તરફથી કશી પ્રતિક્રિયા ન થતાં ક્રૂરસિંહની હિંમત ખૂબ વધી ગઈ.એક રાત્રે અચાનક ક્રૂરસિંહે રાજમહેલ ઉપર આક્રમણ કરી દીધું. સામંતસિંહ આ માટે તૈયાર જ ન હતો. શેરસિંહ ન હોવાથી ક્રૂરસિંહને તો મોકળું મેદાન મળી ગયું. તે સામંતસિંહને બંદી બનાવીને લઈ જવા લાગ્યો.સામંતસિંહને બંદીવાન જોઈને શિયાળ, ઝરખ અને વરૂ ઊભી પૂંછડીએ ભાગી ગયાં. સામંતસિંહને બચાવવાની જરા પણ કોશિશ ન કરી. ક્રૂરસિંહ સામંતસિંહને બંદી બનાવીને લઈ જતો હતો, ત્યાં રસ્તામાં શેરસિંહ મળ્યો. શેરસિંહ હરિતવનમાંથી આવી રહ્યો હતો. શેરસિંહે ત્રાડ પાડીને કહ્યું કે, ‘‘મારા પુત્રને બંદી બનાવીને લઈ જવાની તારી હિંમત કેમ થઈ ?’’ એમ બોલી તે ક્રૂરસિંહ પર તૂટી પડયો.બંને વચ્ચે ભયાનક યુદ્ધ થયું. અંતે ક્રૂરસિંહ હારી ગયો. ઘાયલ થઈને તે ઊભી પૂંછડીએ ભાગી ગયો. શેરસિંહે સામંતસિંહને બંધનમાંથી મુકત કર્યો. મહેલમાં આવતાં જ સામંતસિંહનું હૃદયપરિવર્તન થઈ ગયું. સામંતસિંહ શેરસિંહને કહ્યું કે, ‘‘અત્યાર સુધી હું એમ માનતો હતો કે રાજા એટલે ફકત એશોઆરામ. પણ હવે મને સમજાયું કે રાજાએ પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી થવાનું હોય છે. જયારે હું સાચે જ રાજા બનીશ ત્યારે મારા પહેલાં પ્રજાનું વિચારીશ અને જીહજૂરિયાને ક્યાંય સ્થાન આપીશ નહીં.સામંતસિંહનાં આવાં વચન સાંભળી શેરસિંહ ખૂબ જ ખુશ થયા અને આશીર્વાદ આપતાં કહ્યું કે, ‘‘તું એક દિવસ ચોક્કસ સફળ રાજા બનીશ.’’

# ઘર બનાવતો દરજીડો



દરજીડો એ નાનું પરંતુ ખૂબ જ ચપળ પક્ષી છે.દરજીડો દેખાવમાં ચકલી કરતાં મોટું અને હરિયાળી પાંખો ધરાવતું પક્ષી છે. આ પક્ષી તેની અનોખી માળા બનાવવાની કળા માટે જાણીતું છે, જેમાં તે પાંદડાંઓને સીવીને (સોય-દોરાથી જેવું કામ કરીને) તેનો માળો બનાવે છે. એમાં તે સુરક્ષિત રીતે છુપાઈને રહે છે.દરજીડો લગભગ ૧૩ થી ૧૪ સેમી લાંબો હોય છે. તેના શરીરનો ઉપરનો ભાગ લીલા રંગનો હોય છે, અને નીચેનો ભાગ સફેદ કે પીળાશ પડતો છે. તેની પૂંછડી લાંબી અને ઓછી ખૂંટેલી હોય છે.સામાન્ય રીતે બાગ-બગીચા, જંગલો અને ખેતીવાળી જગ્યાઓમાં જોવા મળે છે. તે શહેરી વિસ્તારોમાં પણ વસવાટ કરતાં જોવા મળે છે.આ પક્ષીનો મુખ્ય ખોરાક નાના જંતુઓ, કીડા અને ઈયળ છે. ખૂબ જ સજીવ અને પ્રવૃત્ત હોય છે, અને તે સતત કૂદતાં, ઊડીને અને ટહૂકા મારતાં રહે છે.દરજીડો એશિયાઈ ઉપખંડના મોટાભાગના ભાગોમાં જોવા મળતું સામાન્ય પક્ષી છે. ભારતમાં તે બગીચાઓ, શહેરોના પાર્ક, તેમજ ખેતરો અને ખોલાઓમાં જોવા મળે છે. તે ગ્રામ્ય વિસ્તારોમાં વધારે રહે છે.નર અને માદા દરજીડાના રંગ એકસરખા હોય છે, પરંતુ પ્રજનન કાળ દરમિયાન નરના શરીરની પૂંછડી વધારે લંબાયેલી હોય છે, જે તેને ખાસ ઓળખ આપે છે. દરજીડાનો પ્રજનન કાળ ઉનાળામાં અને વરસાદી મોસમમાં થાય છે, જયારે તેની સંખ્યાબંધ માદાઓ એક સમયે ૩-૫ ઈંડાં મૂકે છે. ઈંડાં લગભગ ૧૨ થી ૧૪ દિવસમાં ઉઘડી જાય છે.દરજીડો તેની ચિંચિયારી પાડવાની અદા માટે જાણીતું છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



બાલ એક્સપ્રેસ

# જ્ઞાનમંજરી

(૧) ભારતને સ્વતંત્રતા મળી ત્યારે કોંગ્રેસ પ્રમુખ કોણ હતા ? - આચાર્ય કૃપલાણી

વિશ્વ એક ઝલક

(૨) બુધનામના ગ્રહને કેટલા ઉપગ્રહ છે ? - શુન્ય

(૩) શુક્રને સૂર્યની આસપાસ ફરતા કેટલો સમય લાગે છે ? - ૨૨૪,૭૦૧

(૪) સૂર્યમાંથી છુટો પડીને સૂર્યની આસપાસ ફરતો ગ્રહ કયો છે ? - પૃથ્વી

(૫) પૃથ્વીની ઉત્પતિ આશરે કેટલા કરોડ વર્ષ પહેલા થયેલી છે ? - ૪૬૦

(૬) પૃથ્વીનું ક્ષેત્રફળ કેટલા ચો.મી. છે ? - ૫૦,૯૭,૦૦,૦૦૦ ચો. કિમી

(૭) પૃથ્વીને સૂર્યની આસપાસ ફરતા કેટલા દિવસ લાગે છે ? - ૩૬૫ દિવસ

(૮) પૃથ્વીનું વિષવવૃત આગળ બે રેખાંશ વચ્ચેનું કેટલું અંતર છે ? - ૧૧૧ કિમી

(૯) પૃથ્વી પરના મહાસાગરોની સરેરાશ ઊંચાઈ કેટલી છે ? - ૩,૮૧૦ મીટર

(૧૦) એશિયા ખંડનું ક્ષેત્રફળ કેટલા ચો. કિમી છે ? - ૪,૪૨, ૫૦,૦૦૦

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## આ ગામડાની સંસ્કૃતિ !

ગામડાના ઠાકર મંદિરના ઘસાઈ ગયેલા ઓટલે સવારના પહોરે બેઠેલા બાપાએ શેરીમાંથી નીકળી નિશાળે જતાં છોકરાને બરકયો : ‘ આયાંવ, એલા, નેહારે જાય છે ?’ છોકરાએ હકારમાં ડોકું હલાવ્યું. ‘શું નામ તારૂ ?’ છોકરાએ નામ કીધું. ‘ઈ તો ઠીક, એમ તને ના ઓરખું ! તારા દાદાનું જ નામ બોઈલને !’ છોકરાએ દાદાનું નામ દીધું. ‘ઓય ધાડેના, તું તો કાનજી પટેલના છોકરાનો છોકરો ન ? એલા હું તો તારા દાદાની ય જાનમાં ગ્યો’તો, તારી જાનમાં મને લઈ જૈશને ? જા જા, નેહારનો ટાઈમ થઈ ગ્યો હૈસે, ઠાવકું ભણજે ને મોટો થઈ ને ડોકતર થા’જે ને સૌની સેવા કરજે !’

- ગામડાંમાં ત્રણ-ત્રણ પેઢીના સંબંધની મીઠાશ !

# પ્રયોગ - ૫૭

## કદ અને ગુંજાશ

હેતુ કદ અને ગુંજાશની સમજણ મેળવવી

સાધન સમાન કદથી બે વાટકી ઈંટ દીવાસળીની પેટી કૂંજો પ્યાલો કાગળ પેન્સિલ

પદાર્થ પાણી વટાણા મગ

રીત (૧) સરખું કદ ધરાવતી બે વાટકી લો. એક વાટકીમાં વટાણા

### પ્રયોગની પાંખે

વિજ્ઞાન નગરી

પ્રકાશકઃ શ્રી બળવત પારેખ

અને બીજી વાટકીમાં મગ ભરો. તમે જોઈ શકશો કે મગ કરતાં વટાણાના દાણા ઓછા જોઈએ. કારણ કે મગ કરતાં વટાણાના દાણાનું કદ વયું છે. (૨) એક ઈંટ લો તેને કાગળ પરગોઠવી દો. હવે પન્સિલ વડે ઈંટ ફરતી લાઈન દોરી કાઢો. (૩) એકદીવાસળીની પેટી લો. દીવાસળીની પેટીને પણ કાગળ પર ગોઠવી દીવાસળીની પેટી ફરતે પન્સિલ વડે લાઈન દોરો. તમે નોંધી શકશો કે દીવાસળી કરતાં ઈંટનું કદ મોટું છે. પદાર્થે રોકેલી જગ્યાને તે પદાર્થનું કદ કહેવાય છે. અહી ઈંટ દીવાસળીની પેટી કરતાં વધું જગ્યા રોકે છે. (૪) એક કૂંજો અને ગ્લાસ બંનેને પાણીથી પૂરેપૂરા ભરી દો. તમે જોશો કે કૂંજામાં પાણી વધુ સમાય છે. જયારે ગ્લાસમાં કૂંજા કરતાં ઓછું પાણી પાણી સમાય છે.

તારણ ખાસ કરીને કેરોસીન પાણી પેટ્રોલ ખાવાનું તેલ માથામાં નાખવાનું તેલ પાણી ડિઝલ વિવિધ ઓઈલ વગેરે કદ (લિટર) માં માપીને બજારમાં વેચવામા આવે છે. જયારે ઘનપદાર્થ કિ.ગ્રામમાં મળે છે.

સમજૂતી પદાર્થે રોકેલી જગ્યાએ તે પદાર્થનું કદ કહે છે. જયારે ગુંજાશ એ પ્રવાહીના કદ માટે વપરાતો શબ્દ છે. કોઈ પણ વાસણની પ્રવાહીને સમાવવાની શકિતને તે વાસણની ગુંજાશ કે ધારક શકિત કહે છે. પ્રવાહી જે પ્રકારના વાસણમાં રેડવામાંઆવેતે વાસણનો આકાર પ્રવાહી ધારણ કરે છે.

સાવ સાજી નરવી દેખાતી આપણી ચામડીમાંથી રોજના ૫૦ મિલિયન (પાંચ કરોડો ) કોષ ખરી જાય છે આ બધા કોષોનું જો સયુકત વજન ગણીએ તો દર ચાર વરસે દરેક વ્યકિતના પોતાના વજન જેટલું જ હા પોતાના વજન જેટલુ જ વજન આ ખરી ગયેલા કોષોનું થાય છે.

# દરિયાનો રાક્ષસ



વ્હેલ દરિયાનું સૌથી મોટું પ્રાણી છે. તે ઘણા પ્રકારની હોય છે. વ્હેલ સામાન્ય રીતે શાંત પ્રાણી ગણાય છે. પરંતુ ઓરકા વ્હેલ તીક્ષ્ણ દાંતવાળી અને ભારે હિંસક છે. ઓરકા વ્હેલ ડોલ્ફીન કુળનું પ્રાણી છે. તેની પીઠ કાળી અને પેટ સફેદ હોય છે. ઓરકા વ્હેલ શાર્કનો પણ શિકાર કરે છે. દરિયાના લગભગ તમામ જળચરનો શિકાર કરનારી આ વ્હેલને કિલર વ્હેલ કહે છે. ઓરકા વ્હેલનો અવાજ તેની વિશેષતા છે. તે ટોળામાં રહે છે અને અવાજ દ્વારા એકબીજાને સંદેશ આપે છે. ઓરકા વ્હેલ ૨૦થી ૨૫ ફૂટ લાંબી અને ૭ ફૂટ ઊંચી હોય છે. ત્રણ થી ચાર ટન વજનની આ કદાવર વ્હેલ દરિયામાં ૫૬ કિલોમીટરની ઝડપે તરે છે. કિલર ઓરકાનું મગજ મોટું અને વજનદાર હોય છે. તે બુદ્ધિ શાળી પ્રાણી ગણાય છે. તેની શિકાર કરવાની રીત પણ અવનવી છે. ડોલ્ફિનની જેમ તે રમતિયાળ છે. ધ્રુવ પ્રદેશ સિવાય વિભરના દરેક સમુદ્રમાં ઓરકા વ્હેલ જોવા મળે છે.

# કાચના ગોળાની કરામત ભાગ - ૨

## સુજલની સાહસકથા

નલિન મહેતા

પ્રકાશક : ભદ્રા મહેતા

‘‘ઠીક છે. હવે તું જા અને મને આરામ કરવા દે,’’ કેપ્ટને કારણ અહીં નિસાસો નાખતા કહ્યું : ‘‘હું તને કેદ નથી કરતો તો આપણે સહુ કેદી છીએ.’’મેં ફરી વાર ખેદ વ્યકત કર્યો અને મારી કેબિનમાં પાછો ફર્યો અને વહેલી તકે અહીંથી પલાયન થવાનું વિચાર્યું.પરંતુઆ તક મને મળી નહિ. સમી સાંજે અમે પોર્ટબ્લેર નજીકની ટેકરી પાસે પાછા ફર્યા ત્યારે કેપ્ટને મને તથા બેન લિને પેસજમાં રોકાવાનું કહ્યું અને તે એકલો જ સબમરીનની બહાર નીકળ્યો. અને થોડી વારે જયારે એ પાછો ફર્યો ત્યારે તેની સંગાથે મોન્ટુ ઉપરાંત બેબસન, ખંજરસીંગ અને પદ્દમપીલ્લે દાખલ થયા !હું નિસ્તબ્ધ બની ગયો. સામે પક્ષે બેબસનના બરાડામાં ખંજરસીંગનો ઘોઘરો ઘાંટો અને પદ્દમનો ઝીણો સાદ ભળતાં એક વિચિત્ર નાદ ઉત્પન્ન થયો. નીનોએ એક હાથ ઊંચો કરતાં ફરમાવ્યું : ‘‘ બધા ચૂપ થઈ જાઓ. સબમરીનના કેપ્ટનની રૂહે હું દરેકને વારાફરતી સાંભળીને નિર્ણય લઈશ. પણ તે અહીં પેસેજમાં નહિ, બાજુમાં આવેલ દીવાનખંડમાં.’’કેપ્ટનની પછળ મારે પણ ના છૂટકે બધા સાથે દોરાવું પડયું. દીવાનખંડના સોફા, ખુરશીઓ, ટેબલ ઉપર સહુ ગોઠવાયા બાદ નીનો મોન્ટુએ ઉદ્દેશી કહ્યું : ‘‘પહેલાં તું બોલ.’’મોન્ટુ જુબાની આપતો હોય તેમ બોલ્યો : ‘‘ સર, ગઈકાલે રાત્રે હું હોટેલમાં પહોંચ્યો ત્યારે મિ. બેબસનનો એક મેસેજ આવેલો મળ્યો. તેમાં તેઓ ૨૫મીને બદલે ૨૬મીએ અગાઉની યોજના મુજબ હેલિકોપ્ટર દ્વારા નિયત કરેલ બેટ ઉપર આવશે તેમ જણાવેલું. એટલે હું આજે તેમને ત્યાંથી અહીં લઈ આવ્યો. મિ. બેબસને મને એ પણ કહ્યું કે આ સુજલ તેમનો ભત્રીજો નથી.’’‘‘આ છોકરો જ બધા ફસાદની જડ છે,’’ બેબસન બોલી ઊઠયો : ‘‘તેણે જ મને પાસપોર્ટ કેસમાં ફસાવ્યો. પણ એ જાણતો નથી કે બંદા કોઈ સબૂત છોડતો નથી. બિચ્ચારા ઈન્ટરપોલવાળા તો એ બી નથી જાણતા કે બેબસન, બબ્બનખાં અને બાહ જોંગ એક જ વ્યકિત છે. બાબુ શેઠનું તો તેમણે નામ પણ પહેલી જ વાર સાંભળ્યું. એટલે જયારે તેમના જવાબ સામેમેં મહેલીસ્તાનથી આવેલ મારો ડુપ્લીકેટ પાસપોર્ટ રજૂ કર્યો ત્યારે કોર્ટ પાસે મને છોડી મૂકવા સિવાય વિકલ્પ જ નહોતો.એમ કહેતાં બેબસને ત્રણ પાસપોર્ટ રજૂ કરતાં ઉમેર્યું : ‘‘આ રહ્યા તમારા ત્રણેના મહેલીસ્તાનમાં કાયમી વસવાટ માટેના પાસપોર્ટ. અનેતમારૂ સોનું પણ સલામત છે. જો આ છોકરાએ જહાજમાં ધાંધલ મચાવી સમુદ્રમાં ના ઝંપલાવ્યુંહોત તો અમારે તે સંતાડવું.’’‘‘અને સોનાને દરિયાના નાકમાં સંતાડવાની જગ્યા આ નાચીઝે ચીંધેલી, સાહેબ...’’ પદ્દમપીલ્લેએ વચમાં ડબકું માર્યું. કેપ્ટને ‘‘ઓર્ડર, ઓર્ડર’’ કહ્યુંતેને અવગણતાંહુંબોલ્યો : ‘‘અને હવે દરિયાઈ ગુફામાંથી સોનું પાછું કેમ કાઢશો ? ડૂબી નહિ મરો ?’’પદ્દમપીલ્લેએ પોરસાઈ ઉઠતાં જણાવ્યું : ‘‘એ જ તો ખૂબી છે, મહેરબાન. માણસ એમ કરવા જતાં ડૂબી જાય, પણ આ સબમરીનની મદદથી તો એ કામ થઈ શકે ને વળી એને તો કોઈ જોઈ પણ ના શકે !’’

# વીરચંદ ગાંધી કોણ હતા ?




શ્રી વીરચંદ ગાંધી

દેશની આઝાદી માટેનો સવાસો વર્ષ પહેલાંનો બુલંદ અવાજ કયાંય સંભળાયો નહીં !૨૫મી આગસ્ટ, ૧૮૬૪ના દિવસે મહુવામાં વીરચંદ રાઘવજી ગાંધીનો જન્મ થયો. આજથી ૧૩૨ વર્ષ પૂર્વે અમેરિકાના ‘નવા વિ’ને વીરચંદ રાઘવજી ગાંધીએ ભારતીય સંસ્કૃતિની અસિમિતાની ઓળખ આપી.અમેરિકાના શિકાગો શહેરની આટ્ર્સ ઈન્સ્ટિટ્યૂટના કોલંબસ સભાગૃહમાં ઈ. સ. ૧૮૯૩માં યોજાયેલી વિધર્મ પરિષદમાં વીરચંદ રાઘવજી ગાંધીએ પ્રવચન આપ્યું. એ પછી અમેરિકાનાં અન્ય શહેરોમાં અને ત્યારબાદ ઈંગ્લન્ડના પ્રવાસમાં પણ એમણે અનેક પ્રવચનો આપ્યાં; એટલું જ નહીં, પણ કેટલીક તવજ્ઞાન અને સેવાલક્ષી સંસ્થાઓની સ્થાપના પણ કરી.એ સમયે ૨૯ વર્ષના યુવાન વીરચંદ ગાંધીની વિદ્વત્તા અને વાગ્ધારાએ સહુને સ્તબ્ધ કરી દીધા. માથે સોનેરી કિનારીવાળી કાઠિયાવાડી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે ધોળી શાલ અને પગમાં દેશી આંકડિયાળાં પગરખાં પહેર્યા હતાં. ઊંચું ભરાવદાર શરીર, સુદઢ બાંધો, તેજસ્વી આંખો, હસતો ચહેરો અને પ્રતિભા સંપન્ન શાંત પ્રકૃતિથી વિધર્મ પરિષદની પહેલી હરોળમાં બેઠેલા વીરચંદ ગાંધી એમના ભારતીય પોશાકથી જ જુદા તરી આવતા હતા.આ યુવાનની વિદ્વત્તા, અભ્યાસશીલતા, તાટસ્થ્યવૃત્તિ, અનેકાંતદષ્ટિ, ભારતીય ઈતિહાસ અને સમાજ વિશેનું ઊંડું જ્ઞાન તથા અઘરા ધાર્મિક સિદ્ધાંતોને વિદેશીઓ પણ સમજી શકે એ રીતે રજૂ કરવાના કેશલ પર આયોજકો અને વિદેશી શ્રોતાજનો મુગ્ધ થઈ ગયા.વીરચંદ ગાંધીની વાણીમાં પોથીપંડિતનું શુષ્ક પાંડિત્ય નહોતું, પરંતુ ગહન અભ્યાસ ઉપરાંત એમની પાસે તર્કપૂર્ણ દલીલશકિત, ઐતિહાસિક સંદર્ભો તેમજ રાષ્ટ્રની પ્રવર્તમાન ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ વિશેની સમજણ હતી, વખત આવ્યે કોઈ મુદ્દા પર પ્રબળ વિરોધ કરીને સ્પષ્ટ આલોચના કરવાનું એમનામાં ખમીર હતું. વળી ભારતીય જીવનશૈલી પ્રત્યે સન્નિષ્ઠ, અભ્યાસપૂર્ણ આદર અને પરાધીન ભારતની કપરા સંજોગોમાં પણ ગરિમા જાળવવાની રાષ્ટ્રભકિત એમનામાં હતી. આ ઓગણત્રીસ વર્ષના યુવાનનો વિષયવ્યાપ જોઈને આપણે મંત્રમુગ્ધ થઈ જઈએ.જૈનદર્શન વિશે એમની વાકધારા અસ્ખલિત વહેતી હતી. વળી વખત આવ્યે જૈનદર્શનના કોઈ સિદ્ધાંતની બૌદ્ધદર્શન કે વેદાંતદર્શન સાથે તુલના-વૈષમ્ય રજૂ કરતા હતા. એમણે સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા અને વૈશેષિક જેવાં ભારતીય દર્શનોનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો અને એ વિશેનાં એમનાં પ્રવચનો જૈનદર્શનનાં પ્રવચનો જેટલાં જ પ્રમાણભૂત અને અભ્યાસનિષ્ઠ લાગે છે. માત્ર દર્શનોની તવવિચારણા સુધી જ વીરચંદ ગાંધીનું વિ સીમિત નથી. વર્તમાન રાજકીય, સામાજિક અને આર્થિક પ્રવાહો વિશે તલસ્પર્શી જ્ઞાન ધરાવતા હતા. પરાધીન ભારતની કરૂણ સ્થિતિ, શાસક બ્રિટન દ્વારા થતું ભારતનું શોષણ તથા એની સાથોસાથ પાશ્ચાત્ય જીવનશૈલીનો એમને સાક્ષાત્ પરિચય છે. તેમણે યોગપ્રણાલી વિશે વિસ્તૃત વકવ્યો આપ્યાં હતાં એની સાથોસાથ હિપ્નાટિઝમ, ગૂઢ વિદ્યા (ઓકલ્ટ પાવર), ાસનું વિજ્ઞાન, આહારવિજ્ઞાન, ગાયનવિદ્યા, માંસાહારનાં ભયસ્થાનો, આભામંડળ જેવા વિષયો પર પ્રબુદ્ધ વિદેશી શ્રોતાઓ સમક્ષ વકતવ્યો આપ્યાં.‘હિંદુઓનું પ્રાગૈતિહાસિક જીવન’, ‘ભારતમાં લગ્ન’નો દરજ્જો’, ‘ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ’, ‘ભારતીય પ્રજાના સામાજિક રીતરિવાજો’ તથા ‘હિંદુ સ્ત્રીઓ -ભૂત, વર્તમાન અને ભાવિ’ જેવા સામાજિક વિષયો પર એમણે પ્રવચનો આપ્યાં હતાં. હિંદુસ્તાનની વર્તમાન રાજકીય પરિસ્થિતિથી તેઓ પૂરા અભિજ્ઞ હતા અને તેથી ‘ ભારતની રાજનૈતિક અવસ્થા’, ‘ રાજકીય ભારત - હિંદુ, મુસ્લિમ અને અંગ્રેજ’ તથા ‘અમેરિકન રાજનીતિ પર વર્તમાન સામાજિક કાયદાનો પ્રભાવ’ જેવા વિષયો વિશે વકતવ્યો પણ આપ્યાં.એ સમયે પરાધીન ભારત નિર્ધન, પછાત અને શોષિત અવસ્થાથી પીડાતું હતું. ત્યારે વીરચંદ ગાંધીએ અતિ સમૃદ્ધ એવા અમેરિકાને ભારત પાસેથી કેટલી બધી વૈચારિક, આધ્યાત્મિક અને જીવનઘડતર કરનારી સમૃદ્ધિ મળી શકે તેમ છે એની વિગતે રજૂઆત કરી. એમણે ‘ ભારતનો અમેરિકાને સંદેશ’ અથવા ‘ભારતની અમેરિકાને ભેટ’ જેવા વિષયો પર મૌલિક વ્યાખ્યાનો આપ્યાં. આ બધું જોતાં એમ લાગે છે કે વીરચંદ ગાંધીની પ્રતિભા અનેક વિષયો અને ક્ષેત્રોમાં સફળપણે વિહરી શકતી હતી.


# આ મારું ચિત્ર છે




ભેડા જાહલ યોગેશભાઈ
(ધોરણ-૭, પાણિયા પ્રા.શાળા)



ડાભી રૂપલ રસીકભાઈ
(ધોરણ-૮, પાણિયા પ્રા.શાળા)



સોલંકી ખુશી ભાવેશભાઈ
( ધોરણ-૮, પાણિયા પ્રા.શાળા)



કથિરીયા જીલ વિપુલભાઈ
(ધો.૮,શ્રી પાણિયા પ્રા.શાળા)

# અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર અને કરિયાણા એસોસીયેશન દ્વારા જન્માષ્ટમી પર્વે રાશનકિટ વિતરણ



અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ તેમજ કરીયાણા એસોશીએશન તથા ઈન્દિર સ્વાને વ્યદિ શોપીંગ સેન્ટર તેમજ મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસીએશન દ્વારા જન્માષ્ટમી તથા સ્વાતંત્ર્ય દિવસ ઉજવણીમાં એસોસીએશનના સભ્યોએ ખુબ જ ઉત્સાહથી ભાગ લીધો. એ.એચ.પી. દ્વારા સીનીયર સીટીઝન પાર્કમાં શ્રીનાથજીની ઝાંખીનો ફલોટ ઉભો કરવામાં આવ્યો તેમજ એ.એચ.પી. ના વડા ડો. પ્રવિણભાઈ તોગડીયાએ હાજરી આપી અને તેમની હાજરીમાં કાનગોપી વેશભુષામાં દરેક બાળકોને સુંદર મજાની સ્કુલ બેગ આપી કાન ગોપીને રાજી કરવામાં આવ્યા તેમજ અમરેલીના રાજમાર્ગો ઉપર શોભાયાત્રામાં વિવિધ સંગઠનો તેમજ જ્ઞાતિજનો દ્વારા સુંદર ફલોટ દર્શાવવામાં આવ્યા અને ભકિતમય વાતાવરણમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી તેમજ ડિસ્ટ્રીકટ ચેમ્બર તથા કરીયાણા એસોશીએશન દ્વારા રાત–દિવસ સેવા કાર્યો કર્યા. તેમને ૩૫ રાશનકીટ બનાવી જેમાં લોટ, તેલ, ખાંડ, ચા, મગદાળ, ચોખા, તુવેરદાળ વગેરે વસ્તુની કીટ બનાવીને આપવામાં આવી. એક કીટમાં રૂા. ૧૪૦૦નું રાશન આપીને કાર્યકરોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા. જેમાં અમરેલી શહેરનાં વેપારીઓ દ્વારા સહયોગ મળેલ જેમાં બાલમુકુંદ જવેલર્સ તથા નીલકંઠ જવેલર્સ, કાણકીયા પારેખ તથા અશોકભાઈ અટારા, સોમનાથ બેસન, જીતુભાઈ ગોળવાળા, અમૃત ટ્રેડીંગ, સંજયભાઈ ચોકસી તેમજ નિલમ ચા આ બધા વેપારીઓના સહયોગથી કીટ બનાવી વિતરણ કરવામાં આવેલ તેમજ રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટમાં શિતલ આઈસ્કીમ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ રાખી ઉજવણી કરવામાં આવી તેમજ નીલકંઠ જવેલર્સ દ્વારા શહેરના રાજમાર્ગો ઉપર તિરંગા યાત્રા કાઢીને રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી જેમાં ડિસ્ટ્રીકટ ચેમ્બર તથા કરીયાણા એસોશીએશનના સર્વે હોદ્દેદારોએ ભાગ લઈને શીતલ આઈસ્કીમ ભુવા પરીવારમાં હાજરી આપી તેમજ નીલકંઠ જવેલર્સમાં પણ હાજરી આપી અને સર્વે અમરેલી શહેરના નગરજનોને ૧૫ મી ઓગસ્ટ તેમજ કાનાના જન્મ દિવસની શુભકામના પાઠવી.

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલાનાં વાવેરા ગામે**

ફેકચર કરી તથા તેમની સાથે રહેલા તેજસને ડાબા હાથે ફેકચર કરી બે આરોપી મોટર સાયકલ લઈ જતા રહેલ હતા.

બાદ થોડા સમય પછી આરોપીઓએ આવી ફારૂકભાઈને લાકડાના ધોકા વડે બંને હાથે મુંઢ ઈજાઓ કરી તેમજ યુવકની મોટર સાયકલના પાછળના ભાગની બ્રેક લાઈટ તોડી નુકસાની કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો સામાપક્ષે આ જ બનાવમાં રાજુલા ગામે મફતપરા શ્રીરામનગર વડલી રોડ ઉપર રહેતા ભુપતભાઈ ધીરૂભાઈ વાઘેલા ધારેર ડેમખાતે માછલા પકડતા હોય તે દરમ્યાન આરોપી તેજસભાઈ ચૌહાણ તથા ફારૂકભાઈ શેખ આવી અને લાકડાના ધોકા વડે તથા ફાઈબરના ધોકા વડે માર મારી જતા રહેલ. બાદમાં કુંડળીવાળી લાકડી વડે ડાબા હાથની આંગળીઓ અને અંગુઠા વચ્ચે માર મારી ઈજા કર્યાની સામી પોલીસમાં નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૪૫ | ૯૭૫ |
| ૨ | શિંગ મોટી | ૮૫૦ | ૧૧૮૬ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૦૦ | ૯૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૫૫ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૫૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૭૫ | ૨૧૫૦ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૬૧૫ |
| ૯ | જુવાર | ૫૫૧ | ૭૦૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૯૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૮ | ૫૯૦ |
| ૧૨ | મગ | ૮૯૦ | ૧૪૫૫ |
| ૧૩ | ચણા | ૯૭૦ | ૧૧૯૨ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૮૬ | ૧૧૯૦ |
| ૧૫ | તુવેર | ૧૦૨૫ | ૧૨૮૦ |
| ૧૬ | કપાસ | ૯૭૦ | ૧૬૭૨ |
| ૧૭ | એરંડા | ૧૨૩૬ | ૧૨૭૪ |
| ૧૮ | જીરૂ | ૨૦૦૦ | ૩૫૯૦ |
| ૧૯ | રાયડો | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | ધાણા | ૧૧૫૦ | ૧૪૦૨ |
| ૨૧ | અજમા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૮૮૬ |
| ૨૩ | સોયાબીન | ૭૦૦ | ૮૭૨ |
| ૨૪ | રજકાનુ બી | ૨૫૦૦ | ૭૩૫૨ |

## જાફરાબાદ બંદર ખાતે સિગ્નલ નં. 3 લગાડવામાં આવ્યું

અમરેલી, તા. ૨૨

ગુજરાત મેરિટાઈમ બોર્ડ ગાંધીનગર વડી કચેરીના કંટ્રોલ રૂમ દ્વારા તા.૨૨/૮/૨૦૨૫ના રોજ બપોરે ૧ કલાકે આપવામાં આવેલી સૂચના મુજબ જાફરાબાદ બંદર ખાતે સિગ્નલ નં.૩ લગાડવામાં આવ્યું છે.

આ માટેની જરૂરી આનુષાંગિક વ્યવસ્થા જાફરાબાદ લાઈટ હાઉસ ખાતે કરવામાં આવી છે. તેમ જાફરાબાદ બંદર અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૭૦ | ૧૫૬૦ |
| ૨ | મગફળી જી ૨૦ | ૯૮૫ | ૧૦૮૫ |
| ૩ | ચણા | ૧૦૧૦ | ૧૧૪૦ |
| ૪ | જીરૂ | ૨૮૭૦ | ૩૬૫૦ |
| ૫ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |
| ૬ | તલ કાળા | ૨૩૨૫ | ૪૦૭૫ |
| ૭ | મગ | ૧૨૭૦ | ૧૪૫૦ |
| ૮ | તલ સફેદ | ૧૪૯૦ | ૧૬૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૦૦ | ૧૦૧૦ |
| ૨ | શીંગ દાણા | – | ૧૨૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૮૧ |
| ૪ | તલ કાળા | ૩૭૦૦ | ૪૩૦૦ |
| ૫ | જીરૂ | ૩૦૮૧ | – |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૬૩૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૭૭૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૬૦૦ |
| ૧૧ | મગ | ૧૪૫૦ | ૧૫૮૦ |
| ૧૨ | ચણા | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ૧૩ | તુવેર | ૧૦૫૦ | ૧૨૪૦ |
| ૧૪ | એરંડી | ૯૦૧ | – |
| ૧૫ | ધાણા | ૧૦૧૫ | – |

પાના ૧ ઉપરનું ચાલું **જાફરાબાદનાં દરિયામાંથી 3 ખલાસીઓનાં**

ચંદુભાઈ અરજણભાઈ બારૈયા, (૩) કમલેશભાઈ શાંતિભાઈ શિયાળ, ગીર સોમનાથ જિલ્લાની રાજપરા બંદરની મુરલીધર બોટ રજી. નં. IND-GJ-14 mm-2364 ના મધદરિયે લાપતા થયેલા ખલાસીઓ પૈકી (૧) વિનોદભાઈ કાળુભાઈ બાંભણીયા, (૨) ચીથરભાઈ પાંચાભાઈ બારૈયા (૩) પ્રદીપભાઈ રમેશભાઈ ચુડાસમા (૪) વિજયભાઈ છગનભાઈ બાંભણીયા કુલ ૧૧ ખલાસીઓ લાપતા હોવાથી કોસ્ટ ગાર્ડ સહિતની એજન્સીઓએ શોધખોળ હાથ ધરી હતી. આજે ચોથા દિવસે ૩ મૃતદેહ મધદરિયેથી મળ્યા છે. આજે મધરાતે ત્રણેય મૃતદેહને જાફરાબાદ લાવવામાં આવશે. કોસ્ટગાર્ડે દરિયો ખૂંદીને ત્રણેક મૃતદેહ શોધી કાઢયા છે. ૩૦ નોટિકલ માઈલ દૂરથી ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. પીપાવાવ કોસ્ટ ગાર્ડની નેવીની ટીમ દ્વારા છેલ્લા ચાર દિવસથી શોધખોળની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્રણ લાશ મળતાં માચ્છીમારોમાં શોકનો માહોલ છવાયો છે. ગત તા. ૧૯ ઓગષ્ટના રોજ જાફરાબાદથી ૧૮ નોટિકલ માઈલ દૂર જાફરાબાદની જય શ્રી તાત્કાલિક બોટ તથા દમયંતી બોટ અને ગીર સોમનાથ જિલ્લાનાં રાજપરા બંદરની મુરલીધર નામની બોટ મળીને કુલ ત્રણ બોટ મધદરિયે ડુબી હતી. જે ત્રણેયમાં ૨૮ માચ્છીમાર સવાર હતા એમાંથી ૧૭ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. પરંતુ ૧૧ ખલાસીઓ ગુમ થયા હતા જેમની શોધખોળ બાદ આજે ચોથા દિવસે ત્રણ મૃતદેહ મળી આવતાં પીપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા મધદરિયેથી ગુમ ત્રણ માચ્છીમારોની ડેડબોડી લાવવામાં આવી રહી છે. હજી ૮ માચ્છીમારોની શોધખોળ ચાલી રહી છે. મુખ્યમંત્રીએ સૂચના આપ્યા બાદ જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ સતત મોનીટરીંગ કરી રહ્યા છે. પીપાવાવ કોસ્ટ ગાર્ડ તેમજ પોરબંદર કોસ્ટ ગાર્ડના જવાનો હેલિકોપ્ટર તેમજ જહાજ મારફતે દરિયાઈ સીમા પર શોધખોળ કરી રહ્યા છે. પરંતુ મધદરિયે ભારે પવન તેમજ વરસાદના કારણે કોસ્ટ ગાર્ડને પણ મુશ્કેલી પડી રહી છે. હાલ ત્રણ ખલાસીઓની મધદરિયે દરિયામાંથી મૃતદેહ મળતા આ ત્રણ મૃતકોના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૧ | ૫૫૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૫૫૫ |
| ૪ | સોયાબીન | ૮૨૬ | ૮૪૫ |
| ૫ | ધાણા | ૧૦૫૦ | ૧૨૦૫ |
| ૬ | શીંગફાડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | ચણા | ૯૨૫ | ૧૧૫૧ |
| ૮ | તલ સફેદ | ૧૩૯૫ | ૧૯૨૫ |
| ૯ | તુવેર | ૯૭૦ | ૯૭૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | મગ | ૧૧૬૦ | ૧૨૫૦ |
| ૧૨ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૧૩ | લસણ | ૩૦૦ | ૬૦૦ |

## આંબરડી ગામમાં રાત્રે ૧૦ ફૂટ લાંબા મહાકાય અજગરે દેખા દેતા રેસ્ક્યુ કરાયુ



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૨૨

હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે સરીસૃપ પ્રાણીઓનું નીકળવું સ્વાભાવિક હોય છે. શેડયુલ–૧ માં ગણાતા અજગર જેવા સરીસૃપ અવારનવાર જોવા મળતા હોય છે. ત્યારે ગઈકાલે રાત્રે સાવરકુંડલાનાં આંબરડી ગામે સભાયા પરિવારના માતાજીના મઢ નજીક એક મહાકાય અજગર નજરે પડતાં અજગર જોવા લોકો ઉમટી પડયા હતા. ૧૦ ફૂટ જેટલા લાંબા અજગરને પકડવો મુશ્કેલ હતો. સ્થાનિકોએ મીતિયાળા વન વિભાગને જાણ કરતા વનકર્મી ગોહિલભાઈ સહિત ટીમ દોડી આવી ભારેભરખમ અજગરને પકડી જંગલમાં સલામત સ્થળે વિહરતો કરાયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં મોટા ભમોદ્રા ગામમાં**

વનવિભાગને કરાઈ છે અને સિંહોની હિલચાલ પર નજર રાખવા માટે પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. તેમ છતાં સિંહો ગામમાં ઘૂસતા રહેશે તો ગ્રામજનોના જીવ–માલની સુરક્ષા માટે ગંભીર ચિંતા ઉભી થઈ છે.

મોટા ભમોદ્રા ગામમાં બનેલી આ ઘટના ફરી એકવાર સાબિત કરે છે કે માનવ–વન્યજીવન વચ્ચેનો અથડામણનો મુદ્દો હજી યથાવત છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૦૩૬ |
| ૨ | તલ સફેદ | ૧૬૯૧ | ૧૯૦૧ |
| ૩ | તલ કાળા | ૩૭૭૬ | ૪૦૬૫ |
| ૪ | કપાસ | ૧૪૫૧ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૩૬૭ | ૫૩૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૫ | ૬૧૦ |
| ૭ | જુવાર | ૬૦૦ | ૮૬૭ |
| ૮ | ચણા | ૭૬૬ | ૧૧૪૮ |
| ૯ | સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| ૧૦ | શીંગદાણા | ૯૯૦ | ૧૫૦૦ |

# વડિયા કુંકાવાવ તાલુકાનું નારી સંમેલન ભુરખીયા હનુમાન મંદિર ખાતે યોજાયુ



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

અમરેલી ડીડીઓ, ટીડીઓ સહિતના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આરોગ્ય અધિકારી સીડીપીઓ આંગણવાડી કાર્યકર આશા વર્કર હેલ્થ સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં મહિલાઓ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા આ તકે ડી ડી ઓએ જણાવ્યું હતું કે ખાસ કરીને કોઈ પણ બાળક કુપોષિત ના રહે તેની કાળજી રાખવી અને સરકાર દ્વારા જો કોઈ કુપોષિત બાળકો હોય તો તેને આરોગ્ય તપાસણી કરાવી તેમજ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા કુપોષિત બાળકો મળી આવે તો તેની તમામ પ્રકારની સારવાર કરાવવી જે પંદર દિવસનો કોર્ષ હોય છે જેમા તમામ ખર્ચ સરકાર ઉઠાવી રહી છે જયારે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે જો કોઈ કુપોષિત બાળકો હોય તેની સારવાર સાથે સાથે તેમના વાલીઓને પણ રોજગારી માટે દરરોજના ૫૦૦ રૂપિયા સરકાર દ્વારા આપવામાં આવશે જો દવાખાને દાખલ કરવામાં આવે તો તેની રોજગારી માટે પણ સરકારે કાળજી લીધી છે જયારે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે મને ખુબ જ ચિંતા થાય છે કે આત્યારના સમયમાં નાના નાના બાળકો જેમને મોબાઈલ ફોન જોવાની ખુબ જ ટેવ પડી ગઈ છે અને જેના કારણે નાના નાના બાળકોને આંખમા તકલીફ પડતી હોય છે જેના લીધે બાળકોને આંખમાં તકલીફ પડતી હોય છે ત્યારે દરેક ગામની સ્કૂલ આંગણવાડીના બાળકોને આંખ ચકાસણી કરી આંખમાં નંબર હોય તો તેની સારવાર અને ચશ્મા પહેરવા પડે તો તે તમામ પ્રકારની ચકાસણી કરવા આરોગ્ય તંત્રને સુચક કરી હતી વધુમાં કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે મારા ધ્યાનમાં એક વાત આવી હતી કે મહિલાઓમા કેન્સરનું પ્રમાણ વધારે હોય છે જેના માટે હમણાં જ મે સરકાર મારજુઆત કરી છે કે વડિયા કુંકાવાવ વિધાનસભાના જે પણ ૨૦ વર્ષની ઉપરની મહિલાઓ છે કે પછી કોલેજ કરતી યુવતીઓ જેનું લીસ્ટ તૈયાર કરી મફતમાં કેન્સરની રસીના ત્રણ ડોઝ વિનામૂલ્યે આપવામાં આવશે તેવી ચર્ચા પણ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સાથે કરી હતી અને ટુક જ સમયમાં આ પ્રકારની એક વેક્સિંગ આપવાની જાહેરાત કરવામાં આવશે જે વેક્સિંગ ખુબ જ મોંઘી હોય છે અને તેના ત્રણ ડોઝ આપવામાં આવશે આ તકે અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, આરોગ્ય સમિતિના ચેરમેન અનિભાઈ કુજડીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરસોત્તમભાઈ હિરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તુષારભાઈ ગણાત્રા, ગોપાલભાઈ અંટાળા, વસંતભાઈ સોરઠીયા, મનોજભાઈ હપાણી, અનિરૂદ્ધભાઈ બોરીચા, કુંકાવાવ સરપંચ સંજયભાઈ લાખાણી, ફોઝી સહિતના મોટી સંખ્યામાં મહિલાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


### બ્રહ્માકુમારીઝ, લાયન્સ કલબ અને શાંતાબા મેડિકલ કોલેજ દ્વારા

# અમરેલીમાં આવતીકાલે ''ગિનિશ વર્લ્ડ રેકોર્ડ'' બનનારી રાષ્ટ્રીય રકતદાન શિબિર યોજાશે

## રકતદાતાઓને મો.નં. ૮૩૨૦૦ ૭૫૩૩૪ પર સંપર્ક કરવા જણાવાયુ

અમરેલી, તા. ૨૨

બ્રહ્માકુમારીઝના ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીની ૧૮મી પુણ્યતિથિને વિ બંધુત્વ દિવસ નિમિતે સંસ્થા રાષ્ટ્રિય સ્તરની 'રકતદાન મહાદાન અભિયાન' અમરેલી ખાતે તા ૨૪/૮/૨૫ને રવિવારના રોજ સવારના ૯ થી ૧૨ અને સાંજના ૩ થી ૬ સુધી બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન કેરીયારોડ ગ્રીનપાર્કસોસાયટી અમરેલી ખાતે વિ આરોગ્ય સંસ્થાના તમામ તબીબી ધોરણોનું પાલન કરી, ખૂબ કાળજી પૂર્વક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. અને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવશે. આ અભિયાનમાં ભારત, નેપાળ અને ગુજરાતના તમામ



સેવાકેન્દ્રોના બ્રહ્માકુમારી સમર્પિત ટીચર્સ બહેનો, આધ્યાત્મિક કલાસના સૌ બ્રહ્માકુમાર ભાઈઓ, માતાઓ, કુમારો, કુમારીઓ, તથા સમાજના તમામ વર્ગના ભાઈ - બહેનો પણ આ વિશાળ સામાજિક ઈરીય સેવામાં જોડાઈને દિગવંત દાદી પ્રકાશમણિજીને શ્રધ્ધા સુમન અર્પણ થશે. આ રકતદાન શિબિરમાં જોડાવવા લાઈન્સ કલબ ઓફ અમરેલી સીટી, શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પીટલ અમરેલીના સંયુકત રૂપે અમરેલીના ધર્મપ્રેમી ભાઈ બહેનોને મોટી સંખ્યામા જોડાઈ એક બુંદ રકત, અનંત આર્શિવાદ, દાતા બની દિવ્ય બનીને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આજે જ આપેલ લીંક અથવા મોબાઈલ નં. ૮૩૨૦૦૭ ૫૩૩૪માં આપનું રજીસ્ટ્રેશન અવશ્ય કરાવશો જો આપને રજીસ્ટ્રેશનમાં મુશ્કેલી પડે તો રૂબરૂ આવી રકતદાન કરી ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આપનું નામ ઉમેરવા નમ્ર વિનંતી છે. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બાર્ડની યાદી જણાવે છે.

# શ્રાવણ માસમાં અમાસ પર પીપળે પાણી રેડવાનું પવિત્ર મહત્વ - જીવદયા અને પર્યાવરણ પ્રત્યેનો સંદેશ

અમરેલી, તા. ૨૨

શ્રાવણ માસની અમાસનો પવિત્ર દિવસ માત્ર ધાર્મિક અનુષ્ઠાન માટે જ નહીં પરંતુ પર્યાવરણ અને જીવદયા માટે પણ વિશેષ મહત્વ ધરાવે છે. આ દિવસે ભારત દેશના શિવ મંદિરોમાં જઈને દેશની ધર્મ પ્રેમી અને સનાતન પ્રેમી જનતા આસ્થા સાથે પોતાના પિતૃઓના મોક્ષાર્થે પીપળાના પવિત્ર વૃક્ષને પ્રદક્ષિણા કરી પાણીનું તર્પણ કરે છે. પર્યાવરણની જાણવણી માટે વૃક્ષો, પક્ષીઓ અને નાના જીવજંતુઓને પાણી આપવું એ સંસ્કૃતિ અને ધર્મમાં સદીઓથી ચાલતી પરંપરા છે. શ્રાવણ માસની અમાસના દિવસે પીપળાઓને પાણી આપવાથી માત્ર પિતૃતર્પણ જ નહીં, પણ જીવદયાનું મહાન સંદેશ પણ ફેલાય છે.

જૈન, હિન્દુ અને અન્ય ધાર્મિક માન્યતાઓ મુજબ જીવનના દરેક જીવ પ્રત્યે કરૂણા રાખવી એ દરેક ધર્મની નૈતિક ફરજ છે. અત્યારના સમયમા નાના અબોલ જીવો, પશુ-પક્ષીઓને પીવાના પાણીની અતિ જરૂરિયાત હોય



છે. જયારે આપણે નાના પીપળાઓ, પંખીઓ અને અન્ય જીવજંતુઓને પાણી આપીએ છીએ, ત્યારે તે માત્ર જીવન બચાવવાનું કાર્ય નથી, પણ જીવનની સાચી પદ્ધતિ અને પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ પણ દર્શાવે છે.

શ્રાવણ માસમાં અમાસ પર પીપળે પાણી રેડવું એ આપણું પર્યાવરણ પ્રત્યેનું યોગદાન પણ છે ગરમી અને તાપમાનથી થાકેલા નાના જીવોને પાણી આપવું તે કાર્ય બાળકો, યુવાનો અને સમાજના તમામ સભ્યો માટે જીવદયા અને પર્યાવરણ શિક્ષણનો ઉત્તમ માર્ગ પણ છે.

વિમાં જીવદયાનું મહિમા જાણીતું છે પ્રાણીઓ પ્રત્યે કરૂણા બતાવવાથી માત્ર જીવો સુરક્ષિત રહેતા નથી, પણ આપણા જીવનમાં મનની શાંતિ, આનંદ અને આત્મિક સંતોષ પણ મળે છે. અમાસના પવિત્ર દિવસે પીપળાઓ અને અન્ય જીવજંતુઓને પાણી આપવું એ શ્રાવણ માસના અધ્યાત્મિક અને ધાર્મિક મહત્વને એક નવી ઊંચાઈ પર લઈ જાય છે.

**- મિત્તલ ખેતાણી**
**(૯૮૨૪૨૨૧૯૯૯)**

# બગસરા શહેરના શ્રી રત્નેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસમાં અમરનાથ બરફ શિવલિંગ દર્શન ખુલ્લા

અમરેલી, તા. ૨૨

બગસરા શહેરમાં સ્થિત અતિ પૌરાણિક અને ભકિતનું પાવન કેન્દ્ર શ્રી રત્નેર મહાદેવ મંદિરમાં આ શ્રાવણ માસે વિશેષ ધાર્મિક ઉમંગ જોવા મળી રહ્યો છે. શહેરની જીવનરેખા ગણાતી સાતલડી નદીના કિનારે આવેલ આ ઐતિહાસિક ધામમાં શ્રાવણ માસ દરમિયાન બાબા અમરનાથ બરફના શિવલિંગના દર્શન માટે ભકતોને ખાસ સુવિધા કરવામાં આવી છે.

મંદિરના પુજારી રૂદ્ર ગોસ્વામીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, દર વર્ષે શ્રાવણ મહિના દરમિયાન ભગવાન ભોળેનાથના વિવિધ આલંકારિક શણગાર કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે વિશેષ રૂપે અમરનાથના પ્રતિબિંબ રૂપે બરફના શિવલિંગની સ્થાપના કરવામાં આવી છે. આ શિવલિંગના દર્શનથી ભકતોમાં વિશેષ ભકિતભાવ જોવા મળે છે.

શ્રાવણ માસ હિંદુ પરંપરામાં ભગવાન શિવનો પ્રિય મહિનો માનવામાં આવે છે. આ પવિત્ર માસ દરમિયાન ભકતો ઉપવાસ કરે છે, બોળ બોળ મહાદેવના ઉલ્લાસથી ભજન કરે છે અને મંદિરોમાં ભોળાનાથના દર્શનનો લાભ લે છે. બગસરા શહેરનું શ્રી રત્નેશ્વર મહાદેવ મંદિર તો ભકતોની શ્રદ્ધાનું અનોખું કેન્દ્ર છે, જયાં ભાદરવી અમાસ સુધી દરરોજ બરફના શિવલિંગના દર્શન ખુલ્લા રહેશે.

રત્નેર મંદિરમાં રોજિંદા ત્રણ વાર આરતી, પૂજા-અર્ચના કરવામાં આવે છે. ખાસ કરીને શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે વિશેષ શણગાર કરવામાં આવે છે. પૂજારી દ્વારા ભકતોને ભગવાન શિવના અલગ-અલગ સ્વરૂપોમાં દર્શન કરાવવામાં આવે છે. ભોળાનાથના આ દિવ્ય રૂપને જોતા ભાવિકો ધન્યતા



અનુભવે છે.

મંદિર ખાતે ભકો વહેલી સવારે જ દર્શન માટે પહોંચે છે. ખાસ કરીને સોમવારના દિવસે શહેર તેમજ આસપાસના ગામડાંઓમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહે છે. મહિલાઓ શિવલિંગ પર દુધ, બેલપત્ર તથા ફૂલ ચઢાવે છે. બાળકો અને યુવાનો પણ ઉત્સાહભેર દર્શન માટે કતારમાં ઉભા રહે છે. ભકો જણાવે છે કે, અમરનાથ સુધી જવું દરેક માટે શકય નથી, પરંતુ બગસરા શહેરમાં જ બરફના શિવલિંગના દર્શન થવાથી તેમને એવું લાગે છે કે તેઓએ કાશ્મીરના અમરનાથ યાત્રા કરી હોય.

બગસરા શહેરને ધાર્મિક તથા ઐતિહાસિક રીતે વિશેષ ઓળખ છે. સાતલડી નદીના કિનારે આવેલું આ મંદિર પ્રાચીન કાળથી જ ભકતોના આસ્થા કેન્દ્ર તરીકે ઓળખાય છે. વર્ષભર હજારો ભકો અહીં દર્શન માટે આવે છે, પરંતુ શ્રાવણ માસ દરમિયાન અહીં ભકતોની ભીડ વર્ધમાન રૂપ ધારણ કરે છે. પૂજારી રૂદ્ર ગોસ્વામી કહે છે કે, '' શ્રાવણ માસમાં ભગવાન શિવની ઉપાસના કરવાથી પાપનો નાશ થાય છે, માનવજીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે છે. આ વર્ષે અમે ખાસ કરીને બરફના શિવલિંગની સ્થાપના કરી છે, જેથી ભાવિક ભકતોને અમરનાથ યાત્રાની પાવન અનુભૂતિ થાય.''

આ રીતે બગસરા શહેરમાં સ્થિત રત્નેર મહાદેવ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ જ નહીં પરંતુ ભકિત, શ્રદ્ધા અને આધ્યાત્મિક આનંદનું પાવન ધામ છે. શ્રાવણ માસ દરમિયાન અહીં ભકતોની ભીડ સાથે અખંડ ભકિતભાવ જોવા મળે છે. અમરનાથ બરફ શિવલિંગના દર્શનથી ભકતો પોતાને ધન્ય માને છે અને ભાદરવી અમાસ સુધી દર્શનનો લાભ લેવાની પ્રેરણા અનુભવે છે.

# અમરેલીનાં તપોવન આશ્રમે શેર એન્ડ કેર દ્વારા ગોષ્ઠિ યોજાઈ



અમરેલી, તા. ૨૨

દિવ્યાંગ બાળકોના સ્પેશિયલ ટીચર તથા શેર (અને) કેરના ફાઉન્ડર રિયાઝભાઈ વેરસિયા દ્વારા તા. ૨૧-૦૮-૨૦૨૫ નાં રોજ (વર્લ્ડ સીનિયર સીટીઝન ડે) નિમિતે સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓ (વડીલો) સાથે ગોષ્ઠિ (વાત-ચીત, ચર્ચા, અને તેમના મનની વાત સાથે તેમને ગમતી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ અને વડીલો ને પોતાના જીવનમાં ખુશ રહેવા માટેના અભિગમો દર્શાવેલ.સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી, સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા - પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવાર ને શુભકામનાઓ પાઠવી હતી.

સારહિ પરિવાર વતી, વેરસીયા પરિવારનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# થોરડી : સરપંચ અને ગ્રામ પંચાયતની આગેવાની હેઠળ ''સ્વચ્છ ગ્રામ અભિયાન''





અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામમાં તાજેતરમાં ચૂંટાયેલી નવી ગ્રામ પંચાયત ટીમ તથા સરપંચે કાર્યભાર સંભાળતા જ ગામના વિકાસ અને સ્વચ્છતા તરફ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગામના લોકો સાથે સંકલન કરી સૌપ્રથમ તબક્કે સ્વચ્છતાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો, જેના ભાગરૂપે માર્ગો, ગટરો, જાહેર સ્થળો તથા શાળા પરિસરોમાં વિશેષ સફાઈ અભિયાન હાથ ધરાયું છે.

નવી પંચાયત ટીમે ''સ્વચ્છ ગ્રામ, સ્વસ્થ ગ્રામ''ના સૂત્ર સાથે કામગીરી શરૂ કરી છે. રોજિંદા કચરાના યોગ્ય નિકાલ, પીવાના પાણીની શુદ્ધતા તથા નાળા-નદીઓમાં ગંદકી ન ફેલાય તે માટે ખાસ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે. સરપંચ અને પંચાયતના સભ્યો પોતે મેદાનમાં ઉતરી Villagersને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરી રહ્યા છે, જે પ્રશંસનીય છે.

ગામજનોમાં પણ આ પહેલ અંગે ઉત્સાહ અને સહકાર જોવા મળી રહ્યો છે. ગામને મોડેલ વિલેજ બનાવવાના ધ્યેય સાથે શરૂ કરાયેલ આ અભિયાન થકી થોરડી ગ્રામ પંચાયતના પ્રયત્નો અન્ય ગામો માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

# બગસરા પોલીસ દ્વારા સાઈબર ક્રાઈમ અને ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો




અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાના બગસરા શહેરમાં ધાણક કોલેજ ખાતે બગસરા પોલીસ મથક દ્વારા સાઈબર ક્રાઈમ તથા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર વિદ્યાર્થીઓને ડિજિટલ યુગમાં વધતા સાઈબર ગુનાઓથી સાવચેત રહેવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આજના સમયમાં મોબાઈલ અને સોશિયલ મીડિયાનો વધતો ઉપયોગ જયાં સુવિધાજનક છે. ત્યાં ગુનેગારો માટે નવો માધ્યમ પણ બની રહ્યો છે. નકલી કોલ, OTP ફ્રોડ, લિંક કિલક કરાવવાના કેસમાં અનેક લોકો ઠગાઈના ભોગ બને છે. આવા ગુનાઓથી બચવા માટે અજાણ્યા લિંક પર કિલક ન કરવું, OTP કોઈને ન આપવું અને શંકાસ્પદ કોલ સામે સાવચેત રહેવું એ જરૂરી છે.

સાથે જ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો વિશે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું. હેલ્મેટ પહેરવું, ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું અને સીટ બેલ્ટનો ઉપયોગ કરવો એ માત્ર કાયદાકીય ફરજ નહીં પરંતુ જીવન બચાવવાનો મહત્વપૂર્ણ ઉપાય છે. તેવું જણાવાયું.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી અને પોલીસ અધિકારીઓને પ્રશ્નો પૂછયા. પોલીસ દ્વારા આવા જાગૃતિ કાર્યક્રમો આવનારા સમયમાં પણ સતત યોજવામાં આવશે એવી માહિતી આપવામાં આવી.

### તોફાની વાતાવરણથી માચ્છીમારોમાં ફફડાટ

# જાફરાબાદનાં દરિયાકાંઠે ૬૫૦ બોટો લાંગરાઈ, ૭૦ બોટો કાંઠે આવવા રવાના

## માચ્છીમારી વ્યવસાયને વ્યાપક પરેશાની

જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદ દરિયાકાંઠે ૬૫૦ બોટો લાંગરાઈ, ૭૦ બોટો હજુ કાંઠે આવતા માર્ગે - ખરાબ વાતાવરણથી માછીમારોમાં ભયનો માહોલ અમરેલી જિલ્લાનું જાફરાબાદ દરિયાકાંઠે દરિયાઈ તોફાન જેવો માહોલ સર્જાયો છે. છેલ્લા બે દિવસથી દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના દરિયા વિસ્તારમાં વાતાવરણ અચાનક ખરાબ થઈ ગયું છે. દરિયામાં ધોધમાર વરસાદ, જોરદાર પવન તથા ભયંકર કરંટ જોવા મળી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે જાફરાબાદ સહિત સમગ્ર કિનારે માછીમારોને દરિયો ન ખેડવાની તાકીદની સૂચનાઓ આપવામાં આવી છે.

**૬૫૦ બોટ લાંગરાઈ, ૭૦ બોટ દરિયામાંથી પાછી ફરી રહી**

જાફરાબાદ દરિયાકાંઠે અંદાજે ૬૫૦ જેટલી નાની-મોટી બોટોને લાંગરવામાં આવી છે. કિનારે આટલી મોટી સંખ્યામાં બોટો એકસાથે ઉભી રાખવાની ફરજ પડી છે, જેથી ખલાસીઓ અને બોટ માલિકોમાં ચિંતાનો માહોલ વ્યાપી ગયો છે. બીજી તરફ, ૭૦ જેટલી બોટો હજુ દરિયાની અંદરથી પાછી કાંઠે આવી રહી છે, જેને કારણે તેમના પરીજનો તણાવમાં છે.

**બે બોટ જળસમાધિ, સાત ખલાસીઓ લાપતા**

વાતાવરણના બગાડ વચ્ચે મળતી માહિતી મુજબ, જાફરાબાદની જ બે બોટ દરિયાની ઉગ્રતા સામે ટકી ન શકતાં જળસમાધિ થઈ ગઈ છે. આ દુર્ઘટનામાં અંદાજે સાત જેટલા ખલાસીઓ લાપતા થયા હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. તંત્ર દ્વારા શોધખોળ કામગીરી હાથ ધરાઈ છે, પરંતુ ઉંચી લહેરો અને પવનના કારણે બચાવ કાર્યમાં મુશ્કેલી સર્જાઈ રહી છે. કનૈયાલાલ સોલંકીની પીડા -પાંચ બોટ હોવા છતાં હાલ કામ બંધ જાફરાબાદના માછીમાર કનૈયાલાલ સોલંકીએ જણાવ્યું કે, હું જાફરાબાદનો જ રહેવાસી છું. મારી પાસે પાંચ બોટ છે અને માણસો દ્વારા દરરોજ માછીમારી કરવામાં આવે છે. પરંતુ હાલ દરિયાની પરિસ્થિતિ ખૂબ ખરાબ છે. ધોધમાર વરસાદ પડી રહ્યો છે, પવન ઉકાઈ રહ્યો છે અને દરિયામાં કરંટ પણ ભારે છે. જેના કારણે અધિકારીઓએ તમામ બોટોને લાંગરવાની ફરજ પડી છે. આવક-જાવક સંપૂર્ણ બંધ છે.

**માછીમારોની ચિંતાઓ - આવક પર સંકટ**

જાફરાબાદ સહિત સમગ્ર અમરેલી જિલ્લામાં હજારો પરિવારોની આજીવિકા સીધી માછીમારી પર આધારિત છે. વાતાવરણ ખરાબ બનતા દરિયાઈ ખેતી પર તાત્કાલિક બ્રેક લાગ્યો છે. માછીમારો જણાવે છે કે એક-એક દિવસ બોટ દરિયામાં ન જાય તો આવક પર મોટું સંકટ ઊભું થાય છે. ખાસ કરીને રોજગારી માટે માત્ર માછીમારી પર આધાર રાખતા પરિવારો હાલ અત્યંત મુશ્કેલીમાં મુકાયા છે.

**તંત્રની ચેતવણી-દરિયો ખતરનાક છે, કાંઠે જ રહો**

હવામાન વિભાગ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે હાલ અરબી સમુદ્રના કિનારે ભારે વરસાદ તથા જોરદાર પવન ચાલુ છે. દરિયામાં કરંટની તીવ્રતા એટલી વધી ગઈ છે કે નાની બોટો શું, મોટી બોટો પણ જોખમમાંથી પસાર થવાની શકયતા છે. તંત્રએ તમામ ખલાસીઓને દરિયો ન ખેડવાની કડક સૂચના આપી છે અને તમામ બોટોને કાંઠે જ રાખવા આદેશ કર્યો છે. પરીવારજનોની ત્રાસદાયક રાહ ૭૦ જેટલી બોટો હજુ દરિયામાંથી કાંઠે આવી રહી હોવાથી તેમના પરિવારજનો દરિયા કિનારે બેસીને આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફોન સંપર્ક તૂટેલા હોવાને કારણે અનિશ્ચિતતાનો માહોલ છે. ખાસ કરીને જળ સમાધિ થયેલી બોટના ખલાસીઓ માટે પરીજનોની બેચૈની અને આક્રંદ વધતો જાય છે.

**માછીમારોમાં ભય અને અનિશ્ચિતતા**

દરિયામાં આવી અચાનક પરિસ્થિતિ સર્જાતા માછીમારોમાં ભય અને અનિશ્ચિતતાનો માહોલ છે. એક તરફ કુદરતી આફત અને બીજી તરફ આવક ગુમાવવાનો ભય-બંને વચ્ચે માછીમારો મુશ્કેલીઓમાં મુકાયા છે. તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક રાહત વ્યવસ્થા તથા બચાવ કામગીરી તેજ કરાઈ છે, પરંતુ વાતાવરણ શાંત ન થાય ત્યાં સુધી માછીમારીની શરૂઆત શક્ય નથી. જાફરાબાદ દરિયાકાંઠે હાલ દરિયાઈ તોફાન જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ૬૫૦ બોટ લાંગરાઈ છે, ૭૦ બોટો કાંઠે આવતા માર્ગે છે અને બે બોટ જળ સમાધિ થવાથી ખલાસીઓ લાપતા થયા છે. દરિયામાં કુદરતી વિપત્તિથી માછીમારોની જીંદગી અને રોજી-રોટી બંને પર ગંભીર સંકટ ઊભું થયું છે.

### ગુજરાત હાઈકોર્ટનો સીમાચિહ્ન રૂપ ચુકાદો ૩૦ વર્ષે ન્યાય મળ્યો

# દરેક આંગણવાડી વર્કર-હેલ્પરને છ મહિનામાં વધારા સાથે વેતન, એરિયર્સ ચૂકવવા આદેશ

## રાજય આંગણવાડી વર્કર્સ (અને) હેલ્પર્સ યુનિયનના પ્રમુખે ચુકાદાને આવકાર્યો

અમરેલી, તા. ૨૨

ગુજરાત રાજય આંગણવાડી વર્કર્સ એન્ડ હેલ્પર્સ કર્મચારી ફેડરેશન દ્વારા આંગણવાડીના વર્કરો અને હેલ્પરોને કામના પ્રમાણમાં વેતન મળે તે માટેના પ્રયાસો છેલ્લા ૩૦ વર્ષ થી કરવામાં આવી રહ્યાં હતા. ગુજરાતમાં જયારે આંગણવાડીના બ્લોક શરૂ કરવામાં આવ્યા ત્યારે આંગણવાડી વર્કરનું માનદ વેતન ફકત ૧૦૦ સો રૂપિયા હતું જે એક દિવસનું મહેનતાણું પણ ન હતું. ત્યારે આંગણવાડીના કર્મચારીઓનું કોઈ રક્ષણ પણ ન હતું કે બીજા કોઈ લાભ પણ મળતા ન હતા તે વખતે ગુજરાતના એક નિવૃત ક્લાસ ઓફીસર સ્વ. ચંદુભાઈ લાખાણીના ધ્યાને આ વાત આવતા હજારો આંગણવાડીની બહેનોને ન્યાય મળે તે માટે ''ગુજરાત રાજય આંગણવાડી વર્કર્સ (અને) હેલ્પર્સ યુનિયન''ની સ્થાપના કરી ગુજરાતની તમામ આંગણવાડી બહેનોને યુનિયનમા જોડીને તેમના પ્રશ્નોનું સરકાર સાથે સહયોગમાં રહીને ધીમે ધીમે નિરાકરણ કરવામાં આવ્યું. ૧૦૦ રૂપિયાના માનદ વેતનથી ૫૦૦૦ માનદ વેતનથી ૧૦,૦૦૦ દસ હજારના વેતન સુધી પહોંચાડેલ વર્કરોને પહોંચાડેલ હતા. પરંતુ વર્કરો પાસે સરકાર અનેક પ્રકારની કામગીરી કરાવતી હતી જેને કારણે વર્કરોને ફુલ ટાઈમ કર્મચારી જેટલું કામ કરવું પડતું હતું . સરકારમાં કાયમી કર્મચારી ગણવા માટે પણ યુનિયને સરકારમાં વારંવાર રજુઆતો કરી હતી પરંતુ સરકાર તરફથી કોઈ પ્રતિસાદ મળતો નહતો, અંતે યુનિયને હાઈકોર્ટમાં અને સુપ્રિમ કોર્ટમાં પણ



કેસ રજિસ્ટર કરાવ્યો હતો.સુપ્રિમ કોર્ટે પણ વચગાળાનો હુકમ કરીને માગણી વ્યાજબી છે તેવું ઠરાવ્યું હતું પરંતુ સરકાર યોગ્ય નિરાકરણ કરતી ન હતી. અંતે હાઈકોર્ટમાં પડેલી પેન્ડીગ મેટર ચાલતા હાઈકોર્ટને કર્મચારીઓની માગણી વ્યાજબી હોવાનું જણાવી વર્તમાન સમયમાં કર્મચારીઓને વ્યાજબી વેતન મળવું જોઈએ તેવું ઠરાવી વર્કરોને રૂ. ૨૪૮૦૦ અને હેલ્પરોને રૂ. ૨૦૩૦૦ રૂપિયા લઘુતમ વેતન ચૂકવવા આદેશમાં ઠરાવતા આંગણવાડી કર્મચારી યુનિયનની લડતને વર્ષો પછી નિયામક મળ્યો છે. અગાઉ હાઈકોર્ટ ની સિંગલ જજ ની બેન્ચે ૨/૮/૨૦૨૪ના રોજ હુકમ કરેલ હતો જેમાં આંગણવાડી વર્કર અને હેલ્પરની જોબ પ્રોફાઈલ ધ્યાને લઈને તેઓને સરકારી કાયમી કર્મચારી બનવા હકદાર છે તેવું ઠરાવેલ હતું, તેમજ આંગણવાડી વર્કરો હેલ્પરોને કાયમી કર્મચારી ગણી તેઓને લાભો આપવા જોઈએ તેવો હુકમ કરેલ હતો . જેની સામે રાજય સરકાર દ્વારા જુદી જુદી લેટર્સ પેટન્ટ અપીલો કરાઈ હતી. જેમાં હાઈકોર્ટની ખંડ પીઠે સીંગલ જજના હુકમમાં થોડો ફેરફાર કરીને મહત્વનો ચુકાદો જાહેર કર્યો હતો અને આંગણવાડી વર્કર અને હેલ્પરોને લઘુતમ વેતનનો વધારો કરીને વધારો તેમજ એરિયર્સ તા. ૧/૪/૨૦૨૫થી શરૂ થયેલા નાણાકીય વર્ષથી ચૂકવી આપવા રાજય સરકારને હુકમ કરેલ છે.

ગુજરાત રાજય આંગણવાડી વર્કર્સ એન્ડ હેલ્પર્સ યુનિયનના સ્થાપક પ્રમુખ સ્વ. ચંદુભાઈ લાખાણીના પ્રયાસોને આજે ૩૦ વર્ષ પછી ન્યાય મળતા વર્તમાન પ્રમુખ મોટાભાઈ સંવટ દ્વારા હોનેરેબલ હાઈકોર્ટ દ્વારા અપાયેલ ચુકાદાનું સ્વાગત કરેલ છે. તેમજ સરકારને પણ અનુરોધ કરે છે કે હવે આ ચુકાદાને સ્વીકારીને જલદી અમલ કરે, સરકાર સુપ્રિમ કોર્ટમા જઈને અટકાવવાનો પ્રયાસ ના કરે તેવી સરકારને હજારો આંગણવાડીની બહેનો વતી ગુજરાત રાજય આંગણવાડી કર્મચારી ફેડરેશન વિનંતી કરે છે.

### રેલ્વે સ્ટેશન નજીક નવનીત હીરો અને નવનીત એમઆરએફ દ્વારા

# અમરેલી ખાતે રર હજાર કિ.મી.ની સાયકલ યાત્રા શરૂ કરનાર યુવકનું સન્માન

## વિશ્વ કલ્યાણ અર્થે શરૂ થયેલ યાત્રાને શુભેચ્છા પાઠવી

અમરેલી, તા. ૨૨

દામનગરના ઢસાના એક યુવક વિશ્વ કલ્યાણ અર્થે ૨૨ હજાર કિમીની સાયકલ યાત્રાએ નિકળતા અમરેલીમાં પહોચતા અમરેલી સ્ટેશન રોડ પર આવેલ નવનીત હીરો તથા નવનીત MRF ટાયર્સ ખાતે ઉમળકાભેટ તે યુવાનનું સ્વાગત કરેલ છે.

દામનગરનાં ઢસા ગામનો રાહુલ ચૌહાણ નામનો યુવાન વિશ્વ કલ્યાણ અર્થે ૨૨ હજાર કિમીની યાત્રા કરવા માટે સુપ્રસિધ્ધ ભુરખીયા હનુમાન મંદિરેથી પ્રસ્થાન કરી તે



ચારધામ યાત્રા સાયકલ પ્રવાસ દરમ્યાન કરશે.

આ તકે અમરેલી પહોંચતા તે સાયકલ પ્રવાસી રાહુલ ચૌહાણનું નવનીત ઓટો, નવનીત MRF ટાયર્સનાં સ્ટાફ ચેતનભાઈ તેમજ મયુર બુટાણી દ્વવારા ઉસ્માભર્યુ સ્વાગત કરીને તેમને બીરદાવેલ.

## આઝાદી બાદ શહેરમાં સૌથી વધારે ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે

# ત્રાહીમામ... ત્રાહીમામ : અમરેલીયનો તોબા પોકારી ગયા

**પાલિકા અને માર્ગ-મકાન વિભાગનાં કર્મચારીઓ અને અધિકારીઓને જનતાની કોઈ ચિંતા જ નથી**

**નબળી નેતાગીરીનો ભરપુર લાભ સરકારી વિભાગોનાં અધિકારીઓ લઈ રહ્યા છે**

**જનતાનાં પરસેવાનાં કરોડો રૂપિયાથી થતાં વિકાસ કાર્યોમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિની ફરિયાદ**

**વિપક્ષી નેતાઓ લાજ કાઢીને બેઠા હોય જનતાની હાલત અતિ દયનીય બની**







અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરની દોઢ લાખની જનસંખ્યા પાલિકા અને માર્ગ–મકાન વિભાગનાં કર્મચારીઓ અને અધિકારીઓની બેદરકારીથી ત્રાહીમામ પોકારી ચુકયા છે.

જિલ્લાનાં મુખ્ય મથકમાં રખડતા પશુઓ, બંધ સ્ટ્રીટલાઈટ, ભૂગર્ભ ગટર, બિસ્માર માર્ગો, બેફામ દબાણ, આડેધડ વાહન પાર્કિંગ જેવી સમસ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

શહેરનાં બુઝર્ગ નાગરિકો કહે છે કે, અમરેલીમાં અત્યારે જે સમસ્યા અને અરાજકતાં નિહાળી રહ્યા છીએ તેવી સમસ્યા છેલ્લા ૫૦ વર્ષથી જોઈ નોતી.

શહેરમાં માર્ગ–મકાન વિભાગ ધ્વારા ચિતલ રોડને પહોળો કરવાની કામગીરી ગોકળગાયની ગતિને પણ શરમ આવે તેવી રીતે થઈ રહ્યું છે. માર્ગ બનાવવાનાં નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો કરવામાં આવી રહ્યો છે.

નબળી નેતાગીરીનાં કારણે પાલિકા અને માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ બેફામ બન્યા છે અને જવાબદારીનું ભાન ભૂલ્યા છે. શહેરનાં ચિતલ રોડ, વરસડા રોડ, બાયપાસ સહિતનાં વિસ્તારોમાં કતારબંધ લાઈટ બંધ જોવા મળી રહી છે અને છતાં પણ કોઈનાં પેટનું પાણી હલતું નથી.

બીજી તરફ વિપક્ષી આગેવાનો પણ લાજ કાઢીને બેઠા હોય દોઢ લાખ જનસંખ્યા ત્રાહીમામ પોકારી ગઈ છે.

### છેલ્લા ૧૫ વર્ષથી મસમોટો ખાડો યથાવત

## અમરેલી વરસડા રેલ્વે ફાટકથી બ્રાહ્મણ સોસાયટી તરફનાં માર્ગમાંથી સમસ્યા દૂર કરો

**પાલિકાનાં શાસકોની ગંભીર બેદરકારી સામે રોષ**

અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરમાં પાલિકાની અણઆવડથી અને ગુનાહિત બેદરકારીનાં અનેક કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા છે.

દરમિયાનમાં વરસડા રેલ્વે ફાટકથી બ્રાહ્મણ સોસાયટી (દિકરાનાં ઘર) તરફ માર્ગની બગલમાં છેલ્લા ૧૫ વર્ષથી પાણીનો વાલ્વ બદલવા માટે ખાડો ખોદવામાં આવ્યો જે હજુ યથાવત છે.

સ્થાનિકોએ પાલિકામાં અવારનવાર રજુઆત કરી છતાં કોઈ પરિણામ મળતું નથી.



### ''આમ આદમી પાર્ટી''નાં અગ્રણી કાંતિભાઈ સતાસીયાની રજૂઆત

## બગસરાનાં અનેક રહેણાંક વિસ્તારોનાં માર્ગો અતિ બિસ્માર બનતા પરેશાની વધી

**પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવવામાં આવ્યો**

બગસરા, તા. ૨૨

બગસરા શહેરનાં અનેક રહેણાંક વિસ્તારોમાં ઘણા વર્ષોથી માર્ગો બન્યા ન હોય સ્થાનિકો પરેશાન થઈ રહ્યા હોય ''આમ આદમી પાર્ટી''નાં અગ્રણી કાંતિભાઈ સતાસીયાએ પાલિકાનાં પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરા નગરપાલિકા વિસ્તાર જેવા કે, ૬૦ ફૂટ રોડ પાસેની સોસાયટી માતૃશકિત, મારૂનિદર્શન, મારૂતીધામ, ખોડીયાર નગર, મારૂતિવંદના, હરિદર્શન, શ્રીજી નગર જેવા ઘણા નવા



વિસ્તાર છે. જેમાં પાકા રસ્તાના અભાવે સોસાયટીમાં કાદવ અને કિચડ એટલો બધો થાય છે કે, ત્યાંના રહીશોને બહાર જવા આવવા પણ ચાલી ન શકાય તેવી પરિસ્થિતિ છે. અને એમાંથી વિકાસ ફંડ પણ ભરેલ હોય તેવી સોસાયટીઓમાં પણ હજુ સુધી પાકકા રસ્તા બનેલ નથી. તા. ૨૭/૬/૨૩ના પહોચ નં. ૨૫૫, રકમ રૂ/– ૧૦૮૦૯૪/– રવજીભાઈ રણછોડભાઈ સતાસીયાએ ભરેલ હોય બે વર્ષ જેવો સમય થયેલ હોય છતાં આ રસ્તા આજદિન સુધી પાકકા બનેલ નથી. તો આ રસ્તાઓ વહેલામાં વહેલી તકે નવા બનાવવા અંગે યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### રેલ્વે સેવાનો અભાવ હોય ભરપુર ટ્રાફિક હોવાથી

## અમરેલીથી રાજકોટ, સુરત અને અને અમદાવાદ વચ્ચે ઈન્ટરસીટી એરકડિંશન એસ.ટી. બસ શરૂ કરો

**હજારો વિદ્યાર્થીઓ, વેપારીઓ સહિત સૌ કોઈની સતત ત્રણેય શહેરોમાં અવર જવર**




અમરેલી, તા. ૨૨

અમરેલીને આઝાદીનાં ૭૮ વર્ષ બાદ બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી ન હોય તેવા સમયે અમરેલીનાં રાજકીય આગેવાનોએ અમરેલીથી રાજકોટ, અમદાવાદ અને સુરત વચ્ચે ઈન્ટરસીટી બસ સેવા શરૂ કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

અમરેલીથી રાજકોટ, સુરત અને અમદાવાદ વચ્ચે દરરોજ ૭૦ થી લઈને ૧૦૦ એસ.ટી. અને ખાનગી બસ કે વાહનોની અવર જવર જેવા મળે છે. હજારો વિદ્યાર્થીઓ, વેપારીઓ કે નાગરિકો રાજયનાં ૩ મહાનગરોમાં સતત આવન કરતાં હોય એસ.ટી. વિભાગે મુસાફરોને વધુમાં વધુ સુવિધા સભર મુસાફરી માટેનું આયોજન કરવું જરૂરી બન્યું છે.






### જિલ્લા નાયબ ખેતી નિયામકે જાહેરાત કરી

## અમરેલી જિલ્લામાં ખેડૂતોની ખાતરની માંગ ૫ બેગથી વધારે હોય તો વધુ યુરિયા આપી શકાય

**જિલ્લાનાં ખેડુતોનાં હિતમાં ઉતમ જાહેરાત કરાઈ**

અમરેલી, તા. ૨૨

જિલ્લામાં રાસાયણિક ખાતર વિક્રેતાઓ માટે તા. ૧૩/૮/૨૦૨૫ના રોજ પરિપત્ર કરવામાં આવ્યો છે. આ પરિપત્ર મુજબ દરેક ખેડૂતને પ્રતિ દિવસ ૫ બેગથી વધુ યુરિયા ખાતર ફાળવવું નહિ તેવી સૂચના છે.

ખેતીવાડી ખાતા દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે તે મુજબ રાસાયણિક ખાતર વિક્રેતાઓએ જરૂરી નોંધ લેવાની છે. હાલના સમયે ખાતરની દુકાનો પર જયારે ખેડૂતોની લાઈન લાંબી કે વધારે હોય ત્યારે દરેક ખેડૂતને ખાતરની ફાળવણી થઈ શકે તેના જઢરી આયોજન માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે હિતાવહ છે.

પાંચ બેગ ખાતરની મર્યાદા સૂચવવામાં આવી છે જે ફક ઈન્ડિકેટિવ (દિશાદર્શક) છે. જો કોઈ ખેડૂત દ્વારા વધારે ખાતરની માંગણી કરવામાં આવે અને આવી માંગણી અન્ય ખેડૂતોની માંગણી પૂર્ણ કરી સંતોષી શકાય તેમ હોય તો વધારે ખાતર ફાળવી શકાશે અને એક ટન અથવા તેનાથી વધુ વેચાણના તમામ વ્યવહારો થઈ શકશે.

વધુ વેચાણના તમામ વ્યવહારોને લગતી આ તમામ વિગતો નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) અમરેલીને રજૂ કરવા, તેમ અમરેલી જિલ્લા નાયબ ખેતી નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)